સુવિચાર

નકામા ખર્ચા જીવનની વ્યવસ્થાને અને નકામી ચર્ચા મનની અવસ્થાને ખરાબ કરી દે છે...



RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક





સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી ખાખીજાળીયા ગામે જુગારધામ પર એસએમસી ત્રાટકી P-4



Year-16, Issue-214 ■ DATE : 23-12-2025 TUESDAY ■ Retail Selling Price : Rs. 3/- ■ Page-4 ■ DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI


## દવાઓના ભાવમાં 30 ટકા ઘટાડો થવાની સંભાવના

### ફાર્મા ઈન્ગ્રેડીયન્ટ તરીકે ઓળખાતા કાચા માલના ભાવ ઘટયાઃ ભારતીય દવા ઉદ્યોગને ફાયદો

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

હાલમાં જ અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક જ આદેશમાં ૭૦૦ જેટલી દવાઓના ભાવમાં મોટો ઘટાડો કરવા સંબંધીત આદેશ આપ્યા હતા તે વાસ્તવમાં દવાના મુળભુત કાચા માલ જેને એકટીવ ફાર્માસ્યુટીકલ ઈન્ગ્રેડીયન્સ (એપીઆઈ) તરીકે ઓળખવામાં આવે છે તેમાં ઘટાડો થતા આ શકય બન્યુ હતું.

તો ભારતમાં પણ હવે ચીનની આયાત થતા આ ઈન્ગ્રેડીયન્સ ૪૦% સસ્તા થતા તેનો લાભ ફાર્મા કંપનીઓને મળ્યો છે અને તેથી હવે દેશમાં પણ દવાના ભાવ ટુંક સમયમાં સસ્તા થશે. વાસ્તવમાં કોવિડ પછી ચીને તેના રેર અર્થ મટીરિયલ જેમાં અનેક કાચી ધાતુઓ ઉપરાંત દવા નિર્માણના કાચા ખનીજ પણ ઉપલબ્ધ છે તેનું ઉત્પાદન વધારવા મોટા પાયે ફેકટરીઓ નાખી હતી.



જેના કારણે ચીનનું ઉત્પાદન તબકકાવાર મળવા લાગતા તેની સીધી અસર બજારભાવ પર પડી છે. આ કાચા માલ ૪૦% જેવા સસ્તા થયા છે. જેનો લાભ હવે દવા ખરીદનાર ગ્રાહકોને મળશે. ફાર્મા ક્ષેત્રના નિષ્ણાંતોના જણાવ્યા મુજબ મોટાભાગે એન્ટીબાયોટીક દવાઓ સસ્તી થશે. પેરાસીટામોલ જેનાથી સરેરાશ ભારતમાં માહિતગાર છે તે અન્ય તે વર્ગથી અન્ય દવાઓ સસ્તી થશે. ભારત આ ફાર્મા ઈન્ગ્રેડીયન્ટ માટે ચીન પર નિર્ભર છે અને ૭૦% આયાત આ દેશમાંથી થાય છે અને આ અંગે ફાર્મા ક્ષેત્રના નિષ્ણાંત મેહુલ શાહ કહે છે કે ભાવ હજું વધુ ઘટશે. જો કે અન્ય નિષ્ણાંતો તેની સાથ પુરી રીતે સંમત થતા નથી.


## આંતરરાષ્ટ્રીય સ્તરે તેલના ભાવ ઘટવા છતાં પ્રજાને ઠેંગો

### કંપનીઓ અને સરકારની મીલીભગતથી ઈંધણ સસ્તુ થતું નથીઃ કંપનીઓને જંગી નફોઃ સરકારની તિજોરી પણ છલોછલ

**મુખ્ય સમાચાર, નવીદિલ્હી**

આંતરરાષ્ટ્રીય સ્તરે તેલના ભાવ ઘટવા અને રશિયા પાસેથી તેલની ખરીદી સસ્તી થવા છતાં, લોકો છેલ્લા બે વર્ષથી સ્થાનિક પેટ્રોલ અને ડીઝલના ભાવ ઘટવાની રાહ જોઈ રહ્યા છે. સુધારા છતાં, પેટ્રોલ અને ડીઝલના ભાવ યથાવત રહ્યા. દરમિયાન, તેલ કંપનીઓ નફાથી પોતાના ખજાના ભરી રહી છે, અને કેન્દ્ર અને રાજ્ય સરકારો કરવેરાથી પોતાના ખજાના ભરી રહી છે, પરંતુ આ રાહત સામાન્ય માણસ સુધી પહોંચી રહી નથી. આંતરરાષ્ટ્રીય બજારની સાથે ભારતીય બાસ્કેટમાં ક્રૂડ ઓઈલના ભાવમાં પણ ગયા વર્ષે ૨૫%નો ઘટાડો થયો છે. ભારતીય તેલ કંપનીઓ પણ રશિયા પાસેથી પ્રતિ બેરલ ૫-૭ સસ્તા ભાવે ક્રૂડ ઓઈલ ખરીદી રહી છે.

કાચા તેલના ભાવ ઘટવાને કારણે, રાજ્ય સરકારની માલિકીની તેલ કંપનીઓએ ૨૦૨૫-૨૬ ના પ્રથમ છ મહિનામાં રૂ.૩૪,૦૬૫ કરોડનો ચોખ્ખો નફો મેળવ્યો હતો. ત્રણ રાજ્ય સરકારની માલિકીની તેલ કંપનીઓએ તેમના નફામાંથી સરકારને રૂ.૮,૦૦૦ કરોડથી વધુનું ડિવિડન્ડ ચૂકવ્યું હતું. કેન્દ્ર સરકાર પેટ્રોલ પર લગભગ ૨૦% અને ડીઝલ પર ૧૫% થી વધુની એક્સાઇઝ ડ્યુટી વસૂલ કરે છે. રાજ્ય સરકારો પેટ્રોલ પર ૨૦ થી ૩૦% અને ડીઝલ પર ૧૭% થી વધુ વેટ વસૂલ કરે છે.




લોકોને આશા હતી કે જીએસટી સુધારા દરમિયાન પેટ્રોલ અને ડીઝલને જીએસટીના દાયરામાં લાવવાથી રાહત મળશે, પરંતુ જીએસટી કાઉન્સિલ દ્વારા આનો વિચાર પણ કરવામાં આવ્યો ન હતો. સત્તાવાર સૂત્રોએ જણાવ્યું હતું કે રાજ્ય સરકારો તેલ કરમાંથી થતી આવક છોડવા તૈયાર નથી.

રશિયા-યુક્રન યુધ્ધ બાદ તેલ કંપનીઓનો નફો ૨૦૧૯-૨૦૨૦ માં કોરોનાના સમયમાં જયારે વેચાણ ઘટયું ત્યારે ૬,૬૩૩ કરોડ રૂપિયા હતો. ત્યાર-બાદ ૨૦૨૦-૨૦૨૧માં કોવિડના કારણે માંગ ઘટવાથી ક્રુડ ૪૦ ડોલર પ્રતિ બેરલની નીચે આવ્યો જેનાથી નફો વધ્યો. ત્યાર-બાદ ૨૦૨૧-૨૦૨૨માં ૩૯,૩૫૬ કરોડ નફો થયો.

રશિયા-યુક્રેન યુધ્ધના કારણે જયારે ક્રુડ ૧૩૦ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચ્યુ ત્યારે કંપનીઓએ પેટ્રોલ-ડિઝલના ભાવમાં વધારો કર્યો નહી. એ દરમ્યાન ૨૦૨૨-૨૦૨૩મા કંપનીનો નફો ૧,૧૩૮ કરોડ રૂપિયા હતો. ૨૦૨૩-૨૦૨૪માં રશિયનતેલ પર પ્રતિ બેરલ ડિસ્કાઉન્ટ ૧૬ ડોલર સુધી પહોંચવાથી તેલ કંપનીઓનો નફો ૮૦ હજાર કરોડે પહોંચ્યો.

૨૦૨૪-૨૦૨૫ રશિયન તેલ પર ડિસ્કાઉન્ટ ઘટીને ૩ ડોલર પ્રતિ બેરલ સુધી પહોંચવાથી અને ગ્લોબલ માર્કેટમાં ક્રુડ ફરી ૯૦ ડોલર સુધી પહોંચવાથી કંપનીનો નફો ૩૨,૯૭૩ કરોડ રૂપિયાએ પહોંચ્યો અને ૨૦૨૫-૨૦૨૬માં ક્રુડ ધડામ થઈને ૬૦ ડોલરે પહોંચતા કંપનીઓને ૩૪,૦૬૫ કરોડ રૂપિયાનો નફો થયો.

## Petrol & Diesel Rate

| | |
|---|---|
| પેટ્રોલ | રૂ. ૯૪.૭૮/લીટર |
| ડીઝલ | રૂ. ૯૦.૪૭/લીટર |
| CNG | રૂ. ૮૦.૨૬/કિલો |




| Today Rate | સોનુ | ચાંદી |
|---|---|---|
| | ₹૧,૩૮,૬૦૦ | ₹૨,૨૩,૦૦૦ |
| | +૨૪૦૦ | +૪૦૦૦ |
| | (૧૦ ગ્રામ, ૨૪ કેરેટ) | (૧ કિલો) |

| ડોલર | પાઉન્ડ |
|---|---|
| ₹૮૯.૫૬ | ₹૧૨૦.૯૩ |

## મહારાષ્ટ્રના રાજકારણમાં ગરમાવોઃ બન્ને NCP એક થશે

**મુખ્ય સમાચાર, મુંબઇ**

મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજય સંસ્થાઓની ચુંટણીના પ્રથમ રાઉન્ડમાં શાસક મહાયુતિમાં ભાજપના પ્રચંડ વિજય સાથે હવે બીજા તબકકામાં યોજાનારી મુંબઈ મહાપાલિકા સહિતની ૨૯ મહાનગરપાલિકાની ચુંટણીમાં ભાજપ પોતાની ભૂમિકા વધારવા મુંબઈ સહિતની મહાપાલિકામાં વધુ બેઠકો અને મેયરપદ માટે તેનાજ સાથી પક્ષોને જુનીયર જ બની રહેલા દબાણમાં લાવી રહ્યા છે.

તો પોતાના ગઢ-પુના-લાતુરમાં ભવ્ય વિજય સાથે વર્ચસ્વ સ્થાપનાર નાયબ મુખ્યમંત્રી શ્રી અજીત પવારે એક સાથે બે મોરચા ખોલ્યા છે અને તેમના કાકા તથા મરાઠા નેતા શરદ પવાર સાથે ફી એનસીપીને એક કરવા માટે ગઈકાલે રાત્રીના બેઠકોનો દૌર ચલાવ્યો હતો અને આ એકીકરણ લગભગ નિશ્ચિત બની ગયુ છે. શરદ પવારની કોંગ્રેસ અને તેનું નેતૃત્વ કરનાર શરદ પવારના પુત્રી સુપ્રીયા સુલે તેમના ગઢ પણ બચાવી શકયા નથી.

તેથી હવે બન્ને એનસીપીનું વિલીનીકરણ પણ શકય બની શકે છે તો બીજી તરફ ભાજપે હવે એકલા હાથે ચુંટણી લડવાની તૈયારી કરતા જ વિદર્ભમાં અજીત પવાર અને કોંગ્રેસ સાથે જઈ શકે છે.

શ્રી પવાર તથા કોંગ્રેસના નેતા સતેજ પાટીલ વચ્ચે ફોન પર વાતચીત થઈ છે અને પુના મહાપાલિકા એકલા હાથે ચુંટણી લડવાની જાહેરાત કરી હતી અને શિવસેના ઉદ્ધવ ઠાકરે પણ રાજ ઠાકરે સાથે ગઠબંધન કરીને પોતાની તાકાત બનાવવા પ્રયાસ કર્યો હતો પણ સ્થાનિક ચુંટણીના પ્રથમ રાઉન્ડમાં ઠાકરે તેઓને મોટી પછડાટ લાવી છે.

## દેશની લોકશાહી ખતરામાંઃ રાહુલ ગાંધીના આક્ષેપ

**મુખ્ય સમાચાર, બર્લિન**

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ ફરી એકવાર ભારતીય જનતા પાર્ટી (ભાજપ) પર ગંભીર આરોપ લગાવ્યા છે. તેમણે કહ્યું કે ભાજપ દેશની સંસ્થાકીય રચના પર કબજો કરી રહી છે અને આ લોકશાહી વ્યવસ્થા પર હુમલો છે. જર્મનીના બર્લિનમાં હર્ટી સ્કૂલમાં એક સભાને સંબોધતા રાહુલ ગાંધીએ કહ્યું કે કેન્દ્ર સરકાર તપાસ એજન્સીઓનો હથિયાર તરીકે ઉપયોગ કરી રહી છે. રાહુલ ગાંધીએ કહ્યું કે આપણી સંસ્થાકીય રચના સંપૂર્ણપણે કબજે કરી લેવામાં આવી છે. ગુપ્તચર એજન્સીઓ, ઇડી અને સીબીઆઇનો ઉપયોગ હવે ભાજપના વિરોધીઓને નિશાન બનાવવા માટે થઈ રહ્યો છે. આ એજન્સીઓનો ભાજપ સામે કોઈ કેસ નથી. જો તમે કોંગ્રેસને ટેકો આપો છો, તો તમને ધમકી આપવામાં આવે છે.

રાહુલ ગાંધીએ આરોપ લગાવ્યો કે ભાજપે રાજકીય સત્તા મેળવવા માટે દેશની સંસ્થાઓનો ઉપયોગ હથિયાર તરીકે કર્યો છે. કોંગ્રેસના નેતાએ એવો પણ દાવો કર્યો હતો કે તેઓ વર્તમાન સરકાર સામે પ્રતિકારની એક એવી વ્યવસ્થા બનાવશે જે સંસ્થાઓ પર ભાજપની પકડને પડકારશે. રાહુલ ગાંધીએ ભાજપ પર બંધારણ અને સમાનતાના વિચારનો નાશ કરવાનો પણ આરોપ લગાવ્યો. તેમણે કહ્યું કે ભાજપ બંધારણને નાબૂદ કરવાનો અને રાજ્યો, ભાષાઓ અને ધર્મો વચ્ચે સમાનતા નાબૂદ કરવાનો પ્રસ્તાવ મૂકી રહી છે. અમે આ વિચારધારા સામે લડી રહ્યા છીએ.

ઇન્ડિયા એલાયન્સમાં પક્ષો વચ્ચેની દુશ્મનાવટનો ઉલ્લેખ કરતા ગાંધીએ કહ્યું, અમે એક છીએ. અમે આરએસએસની વિચારધારાની વિરુદ્ધ છીએ, જોકે વ્યૂહાત્મક સ્પર્ધાઓ ચાલુ રહેશે. તેમણે એમ પણ કહ્યું કે દેશને મજબૂત નેતા કરતાં પરસ્પર સંવાદની જરૂર છે, કારણ કે ભારત એક વૈવિધ્યસભર દેશ છે. રાહુલ ગાંધીએ વડા પ્રધાન નરેન્દ્ર મોદીના અભિગમની પણ ટીકા કરતા કહ્યું કે ભારત મજબૂત નેતા કરતાં રાજ્યો વચ્ચે સંવાદનું કેન્દ્ર હોવું જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે મોટી સંખ્યામાં લોકો વડા પ્રધાન મોદીની વિચારધારા સાથે અસંમત છે અને માને છે કે આ અભિગમ દેશમાં ભારે તણાવ પેદા કરશે. રાહુલ ગાંધી હાલમાં જર્મનીની પાંચ દિવસની મુલાકાતે છે, જ્યાં તેમણે અગાઉ આરએસએસ પર સંસ્થાઓ પર કબજો કરવાનો આરોપ લગાવ્યો છે.

લોકસભામાં વિપક્ષના નેતાએ કહ્યું, અમે જે પ્રશ્નો ઉઠાવી રહ્યા છીએ તેના જવાબ ચૂંટણી પંચ દ્વારા આપવામાં આવી રહ્યા નથી. તેમણે ઉમેર્યું કે ભારતમાં ચૂંટણી તંત્રમાં મૂળભૂત સમસ્યાઓ છે. સંસ્થાકીય માળખું સંપૂર્ણપણે કબજે કરવામાં આવ્યું છે; જ્યારે તમે આપણી ગુપ્તચર એજન્સીઓ, સીબીઆઇ અને ઇડીને જુઓ છો, ત્યારે તેઓ સંપૂર્ણપણે શષોથી સજ્જ થઈ ગયા છે.



## સુરત એરપોર્ટ પરથી ૬ કરોડનો હાઈબ્રીડ ગાંજો ઝડપાયો

ગુજરાતના મુખ્ય એરપોર્ટ્સ હવે દાણચોરો અને ડ્રગ્સ પેડલરો માટે સોફ્ટ ટાર્ગેટ બની રહ્યા હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. અમદાવાદ અને સુરત સહિતના એરપોર્ટ પર તાજેતરમાં ગોલ્ડ અને ડ્રગ્સ સ્મગલિંગની ઘટનાઓમાં ચિંતાજનક વધારો થયો છે. આ સિલસિલામાં સુરત પોલીસે એક મોટી સફળતા મેળવતા ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી કરોડો રૂપિયાનો ડ્રગ્સનો જથ્થો ઝડપી પાડ્યો છે. સુરત પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે એરપોર્ટ પર વોચ ગોઠવવામાં આવી હતી. આ દરમિયાન પોલીસે તપાસ હાથ ધરતા બે શંકાસ્પદ ઈસમો પાસેથી ૧૭ કિલો અને ૭૦૦ ગ્રામ જેટલો હાઈબ્રીડ ગાંજો મળી આવ્યો હતો. આંતરરાષ્ટ્રીય બજારમાં આ જથ્થાની કિંમત અંદાજે ૬ કરોડ હોવાનું મનાય છે. પોલીસે આ મામલે બે આરોપીઓની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. છેલ્લા કેટલાક સમયથી અમદાવાદ અને સુરત એરપોર્ટ પર સોના અને નશીલા પદાર્થોની હેરાફેરી વધી છે. પોલીસ અને કસ્ટમ વિભાગની ભીંસ વધતાં ડ્રગ્સ પેડલરોએ હવે હેરાફેરી માટેનો માર્ગ બદલ્યો હોય તેવું પ્રાથમિક તપાસમાં લાગી રહ્યું છે. મોટા મેટ્રો સિટીઝને બદલે હવે તેઓ સુરત જેવા શહેરોને ટ્રાન્ઝિટ પોઈન્ટ તરીકે ઉપયોગ કરી રહ્યા હોવાની આશંકા છે.

## સાણંદ નજીક દારૂ ભરેલી ટ્રક પલટી ખાતા બોટલો લૂંટવા પડાપડી

**મુખ્ય સમાચાર, અમદાવાદ**

અમદાવાદ જિલ્લાના સાણંદ નજીક આવેલા મુનિ આશ્રમ રોડ પાસે આજે વિદેશી દારૂ ભરેલી એક ટ્રક પલટી મારી જવાની ઘટના બની હતી. અકસ્માતને પગલે રસ્તા પર દારૂની બોટલો વિખેરાઈ જતા સ્થાનિક લોકોમાં પડાપડીના દ્રશ્યો સર્જાયા હતા.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાજસ્થાન પાસિંગની એક ટ્રક દારૂનો જથ્થો ભરીને સાણંદના મુનિ આશ્રમ રોડ પરથી પસાર થઈ રહી હતી ત્યારે અચાનક ટ્રક પલટી ખાઈ ગઈ હતી. ટ્રક પલટી જતાની સાથે જ અંદર રહેલી દારૂની પેટીઓ અને છૂટી બોટલો રોડ પર વેરવિખેર થઈ ગઈ હતી.રોડ પર દારૂની બોટલો જોઈને આસપાસના લોકો અને રાહદારીઓ એકઠા થઈ ગયા હતા અને દારૂની બોટલો



મેળવવા માટે પડાપડી કરવા લાગ્યા હતા. જોકે, ઘટનાની જાણ થતાં જ પોલીસ કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે ભીડને દૂર કરી પરિસ્થિતિ કાબૂમાં લીધી હતી અને રોડ પર પડેલા મુદ્દામાલનો કબજો મેળવ્યો હતો.

આ સમગ્ર ઘટના અંગે ડીવાયએસપીએ જણાવ્યું હતું કે, 'આજે સાણંદના મુનિ આશ્રમ રોડ તરફ એક રાજસ્થાન પાર્સિંગની દારૂ ભરેલી ટ્રક પલટી ગઈ હતી. પોલીસને જાણ કરાતા કાફલો સ્થળ પર પહોંચી ગયો છે.' દારૂ ભરેલી ટ્રક કડી તરફથી સાણંદ તરફ આવી રહી હતી. તે દરમિયાન રોડ પર તાજેતરમાં જ બનાવેલા બમ્પ પરથી પસાર થતાં ટ્રક ચાલકે કાબૂ ગુમાવ્યો હતો અને ટ્રક પલટી ખાઇ જતાં રસ્તા પર દારૂની રેલમછેલ થઇ ગઇ હતી. હાલમાં મળી રહેલી માહિતી મુજબ પોલીસે ઘટનાસ્થળે પહોંચી મુદ્દામાલ કબજે કર્યો છે અને દારૂની બોટલો અને મુદ્દામાલની ગણતરી ચાલી રહી છે.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, આ દારૂનો જથ્થો ક્યાંથી લાવવામાં આવ્યો હતો અને ક્યાં પહોંચાડવાનો હતો તે દિશામાં ઝીણવટભરી તપાસ હાથ ધરવામાં આવી છે. હાલ પોલીસે ગુનો નોંધીને કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## LRDમાં પસંદગી પામેલા ૧૧,૬૦૭ ઉમેદવારોને આજે નિમણૂક પત્રો અપાશે

**મુખ્ય સમાચાર, ગાંધીનગર**

રાજ્યની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવાના ઉદ્દેશ સાથે ગુજરાત સરકાર દ્વારા લોકરક્ષક કેડરની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી છે. આ ભરતી અંતર્ગત પસંદગી પામેલા ઉમેદવારોને આજે ગાંધીનગરના સેક્ટર-૧૧ સ્થિત રામકથા મેદાન ખાતે યોજાનાર કાર્યક્રમમાં નિમણૂક પત્રો એનાયત કરવામાં આવશે.

આ નિમણૂક પત્ર એનાયત કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે કુલ ૧૧,૬૦૭ નવનિયુક્ત ઉમેદવારોને સત્તાવાર રીતે પોલીસ દળમાં જોડાવાનો અવસર મળશે. કાર્યક્રમમાં નાયબ મુખ્યમંત્રી તથા ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીની પ્રેરક ઉપસ્થિતિ રહેશે, જ્યારે પોલીસ હાઉસિંગ-જેલ રાજ્ય મંત્રી કમલેશ પટેલ ખાસ ઉપસ્થિતિ તરીકે હાજર રહી નવનિયુક્ત જવાનોને પ્રોત્સાહિત કરશે.

લોકરક્ષક કેડરની આ ભરતી પ્રક્રિયામાં કુલ ૧૧,૮૯૯ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી, જેમાંથી ૮,૭૮૨ પુરૂષ અને ૩,૧૧૭ મહિલા ઉમેદવારોનો સમાવેશ થાય છે. હાલના તબક્કે ડોક્યુમેન્ટ વેરિફિકેશન પૂર્ણ કરેલા ૧૧,૬૦૭ ઉમેદવારોને નિમણૂક પત્રો એનાયત કરવામાં આવશે. જ્યારે પસંદગી પામેલા ૨૯૨નું ડોક્યુમેન્ટ વેરિફિકેશન ચાલી રહ્યું છે.

ઉલ્લેખનીય છે કે આ ભરતી પૂર્ણ થતાં જ રાજ્ય સરકાર દ્વારા પોલીસ દળમાં ખાલી રહેલી વધુ ૧૩,૫૯૧ જગ્યાઓ માટે નવી જાહેરાત પણ પ્રસિદ્ધ કરવામાં આવી છે. સતત ચાલી રહેલી આ ભરતી પ્રક્રિયા રાજ્ય સરકારની પારદર્શક અને યુવાનલક્ષી નીતિને પ્રતિબિંબિત કરે છે.

## નવું વર્ષ શેરબજાર માટે ટનાટન નિવડશેઃ સેન્સેક્સ ૧ લાખને પાર થશે

### શેરબજારના વૈશ્વિક નિષ્ણાંત ક્રિસ્ટોફર વુડની મોટી આગાહી

**મુખ્ય સમાચાર, મુંબઇ**

ભારતીય શેરબજાર કેટલાંક વખતથી અનિશ્ચિત માહોલમાંથી પસાર થતું હોવા છતાં વખતો વખત સેન્સેક્સ-નિફ્ટી નવી ઉંચાઇને આંબી જાય છે. જ્યારે નવા વર્ષમાં પણ વધઘટે તેજી જ રહેવાની અને સેન્સેક્સ ૧૦૦૦૦ના લેવલને આંબી જવાની આગાહી જેફરીયના ગ્લોબલ હેડ ક્રિસ્ટોફર વુડે કરી છે.




તેઓના કહેવા પ્રમાણે વર્ષ ૨૦૨૫ ખાસ કરીને અમેરિકાના દ્રષ્ટિકોણથી એઆઇ (આર્ટીફીશીયલ ઇન્ટેલીજન્સ) કેન્દ્રીત રહ્યું હતું. વર્ષ દરમ્યાન આ ક્ષેત્રમાં જંગી રોકાણ ઠલવાયું હતું. અમેરિકન માર્કેટ પ્રમાણમાં સારું હતું છતાં ઇમેજીંગ માર્કેટની સરખામણીએ પરફોર્મન્સ નબળું હતું. આ જ રીતે એશિયા તથા અન્ય ઇર્મજીંગ માર્કેટના પરીપ્રેક્ષ્યમાં ભારતીય શેરબજારનો દેખાવ સૌથી ખરાબ રહ્યો હતો. ઘણા વર્ષો પછી આવું બન્યું હતું. જો કે આ અનિશ્ચિત માહોલ આશ્ચર્યજનક નહતો.

તેઓએ કહ્યું કે શેરબજારની અસ્થિરતાથી નવાઇ નથી પરંતુ કરન્સી માર્કેટમાં ડોલર સામે રૂપિયાનો જે રીતે ધબડકો થયો તેનાથી આશ્ચર્ય જરુર થયું હતું અને તેની સીધી અસર શેરબજાર પર પડી છે. ભારત સરકાર ઇરાદાપૂર્વક રૂપિયાને નબળો પડવા ધ્યે છે કે અન્ય કોઇ કારણ છે તે સમજાતું નથી. ડોલર સામે રુપિયો ૮૯ની નીચે રહે તે યોગ્ય નથી કારણ કે તેનાથી વ્યાપાર-અર્થતંત્ર ક્ષેત્રે અનિશ્ચિતતાની અટકળો ઉભી થઇ શકે છે.

ક્રિસ્ટોકર વુડે કહ્યું કે ભારતીય શેરબજારની સાયકલ ૨૦૨૬માં ફરીના માર્ગે આગળ ચાલી શકે છે. કોર્પોરેટ કમાણી જેવી બાબતો ભાગ ભજવશે છતાં મહત્વની વાત એ છે કે ઘરેલું પરિબળોને બદલે વૈશ્વિક સ્તરે એઆઇના ઘટનાક્રમે મોટી ભૂમિકા ભજવશે.

વૈશ્વિક સ્તરે એઆઇનો યુગ વધુ જોર પકડતો રહેશે તો ભારત પર નેગેટીવ અસર થવાની સંભાવના છે. મોટા ભાગે આવતા વર્ષ ૨૦૨૬ના મધ્ય ભાગમાં ચિત્ર સ્પષ્ટ થઇ શકશે, કોરિયા, તાઇવાન, ચીન જેવા દેશો એઆઇ ક્ષેત્રમાં કાઠુ કાઢી રહ્યાનું મહત્વનું છે. ભારતમાં એઆઇ ક્ષેત્રની મોટી કંપનીઓ કે શેર જેને સોનાની ખાણ ગણી શકાય આ સંજોગોમાં વૈશ્વિક સ્તરે વોચ વધુ રહી શકે છે.

## અમેરિકાની બહાર ગયા તો ફસાઈ જશો! H1B વિઝા અંગે ગૂગલ, એપલ, માઈક્રોસોફ્ટની ચેતવણી

**મુખ્ય સમાચાર, વોશિંગ્ટન**

અમેરિકામાં ટ્રમ્પ વહીવટીતંત્રની નવી ઈમિગ્રેશન નીતિઓએ ભારતીય આઈટી પ્રોફેશનલ્સ માટે મુશ્કેલીઓ વધારી દીધી છે. વિઝા સ્ટેમ્પિંગ માટેના વેઈટિંગ પિરિયડમાં થયેલો તોતિંગ વધારો અને સોશિયલ મીડિયા સ્ક્રીનિંગના કડક નિયમોને કારણે સિલિકોન વેલીની દિગ્ગજ કંપનીઓએ તેમના કર્મચારીઓને કોઈપણ સંજોગોમાં અમેરિકા ન છોડવાની સલાહ આપી છે.

૧૫મી ડિસેમ્બર ૨૦૨૫ પછી, અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઓફ સ્ટેટે H-1B અને H-4 વિઝા માટે 'ઓનલાઈન હાજરી સમીક્ષા' (સોશિયલ મીડિયા પ્રોફાઈલ ચેકિંગ) ફરજિયાત કરી છે. આ પ્રક્રિયા અત્યંત સમય માંગી લેતી હોવાથી વિઝા એપોઈન્ટમેન્ટમાં ૧૨ મહિના સુધીનો વિલંબ થઈ રહ્યો છે.



ટેક જગતની અગ્રણી કંપનીઓએ તેમના વિદેશી કર્મચારીઓ (ખાસ કરીને ભારતીયો) માટે અલગ-અલગ એડવાઈઝરી જાહેર કરી છે

માઈક્રોસોફ્ટ કંપનીએ કર્મચારીઓને વિદેશ યાત્રા સંપૂર્ણપણે ટાળવાની સલાહ આપી છે. એપોઈન્ટમેન્ટ ફરીથી શેડ્યૂલ કરવાથી તેઓ મહિનાઓ સુધી અટવાઈ શકે છે. મુસાફરી યોજનાઓ પર પુનર્વિચાર કરો.

એમેઝોન ડિસેમ્બરના અંતમાં અથવા જાન્યુઆરીમાં એપોઈન્ટમેન્ટ ધરાવતા કર્મચારીઓએ અમેરિકામાં રહેવું જોઈએ. વિદેશ પ્રવાસ કરવાથી એપોઈન્ટમેન્ટ રદ થઈ શકે છે, જેના કારણે લાંબા સમય સુધી કામ પર અસર પડી શકે છે.

ગૂગલ વિઝા પ્રક્રિયામાં ૧૨ મહિના સુધીનો વિલંબ શક્ય છે. વધુ માંગ અને વધેલી સ્ક્રીનીંગને કારણે વિદેશ મુસાફરી કરવાનું ટાળો. કોઈપણ પ્રશ્નો માટે કંપનીનો સંપર્ક કરો.

એપલ માન્ય H-1B સ્ટેમ્પ વિના વિદેશ મુસ-ાફરી કરવાનું ટાળો. જો મુસાફરી શક્ય ન હોય, તો તાત્કાલિક કંપનીના ઈમિગ્રેશન વિભાગનો સંપર્ક કરો.

# જામનગરમાં ત્રિદિવસીય સશક્ત નારી મેળાનો શુભારંભ કરાવતા મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા



**મુખ્ય સમાચાર, જામનગર**

રાજ્યના વન અને પર્યાવરણ, કલાઈમેટ ચેન્જ અને વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી વિભાગ તથા જામનગર જિલ્લાના પ્રભારી મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાએ જામનગરમાં ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની લિ. દ્વારા આયોજિત ત્રી-દિવસીય સશક્ત નારી મેળાનો શુભારંભ કરાવ્યો હતો. એમ્યુઝમેન્ટ પાર્કની પાછળ, જે.એમ.સી.ગ્રાઉન્ડમાં આયોજિત મેળામાં વિવિધ ૧૦૦ જેટલા સ્ટોલ રાખવામાં આવ્યા છે જેની મંત્રી સહિતના મહાનુભાવોએ મુલાકાત લીધી હતી. કાર્યક્રમમાં મહાનુભાવોના હસ્તે પ્રગતિશીલ મહિલાઓનું પ્રશસ્તિપત્ર આપી સન્માન કરવામાં આવ્યું હતું.

મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, સશક્ત નારી મેળો માત્ર એક કાર્યક્રમ નથી, પરંતુ નારી શક્તિમાં વિશ્વાસ વ્યક્ત કરવાનો, નારીના આત્મવિશ્વાસને મજબૂત કરવાનો અને મહિલાઓને આત્મનિર્ભર બનાવવાનો એક સશક્ત પ્રયાસ છે.ગુજરાત સરકારે હંમેશા મહિલાઓને સમાજના કેન્દ્રસ્થાને રાખી વિકાસની નીતિઓ ઘડી છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દુરદર્શી નેતૃત્વ અને મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ રાજ્ય સરકારે બેટી બચાવો, બેટી પઢાવો મુખ્યનમંત્રી મહિલા ઉત્કર્ષ યોજના મિશન મંગલમ સખી મંડળ નારી ગૌરવ દિવસ જેવી અનેક યોજનાઓ દ્વારા મહિલાઓને શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને સ્વરોજગાર ક્ષેત્રે સશક્ત બનાવવાની દિશામાં નોંધપાત્ર કામગીરી કરી છે.

સશક્ત નારી મેળો મહિલા સ્વસહાય જૂથો, ગ્રામ્ય અને શહેરી મહિલાઓ, કારીગર બહેનો અને મહિલા ઉદ્યોગકારોને તેમની પ્રતિભા, કુશળતા અને સર્જનશીલતાને પ્રદર્શિત કરવા માટે એક ઉત્તમ મંચ પૂરું પાડે છે. અહીં બહેનો દ્વારા તૈયાર કરાયેલા હસ્તકલા ઉત્પાદનો, ઘરઉદ્યોગના વિવિધ પદાર્થો, ખાદ્ય ઉત્પાદનો, પરંપરાગત કળાઓ અને નવીન વ્યવસાયિક વિચારો એ વાતનો જીવંત દાખલો છે કે આજની નારી કોઈપણ ક્ષેત્રમાં પાછળ નથી.જ્યારે મહિલા આત્મનિર્ભર બને છે, ત્યારે પરિવારનું આર્થિક સંબળ વધે છે, બાળકોનું ભવિષ્ય સુદ્દઢ બને છે અને સમાજમાં સમાનતા અને પ્રગતિનો માર્ગ સુગમ બને છે. સશક્ત નારી મેળા જેવા કાર્યક્રમો બહેનોમાં આત્મવિશ્વાસ જગાવે છે અને તેમને પોતાના પગ પર ઊભા રહેવાની પ્રેરણા આપે છે. સરકાર બહેનોને તાલીમ, નાણાકીય સહાય, માર્કેટિંગ અને રોજગારની વધુ તકો ઉપલબ્ધ કરાવવા માટે પ્રતિબદ્ધ છે.ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર મહિલાઓને આર્થિક, સામાજિક તથા શૈક્ષણિક રીતે સશક્ત બનાવવા માટે પ્રતિબદ્ધ છે. જામનગર જિલ્લાની બહેનો હસ્તકલા, ગૃહ ઉદ્યોગ, કૃષિ આધારિત પ્રવૃત્તિઓ અને અન્ય સ્વરોજગાર ક્ષેત્રોમાં નોંધપાત્ર પ્રગતિ કરી રહી છે. ત્યારે આ પ્રકારના કાર્યક્રમોનું આયોજન તેમના પ્રયત્નોને વધુ વેગ આપવાનું એક મહત્વપૂર્ણ માધ્યમ છે.આ કાર્યક્રમમાં મેયર વિનોદભાઈ ખીમસુર્યા, ધારાસભ્યો સર્વ મેઘજીભાઈ ચાવડા, દિવ્યેશભાઈ અકબરી, જિલ્લા કલેકટર કેતન ઠક્કર, જિલ્લા વિકાસ અધિકારી અંકિત પન્નુ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શારદા કાથડ, ડેપ્યુટી મ્યુ.કમિશ્નર ઝાલા, વિવિધ વિભાગના અધિકારીઓ, અગ્રણીઓ તેમજ બહોળી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન હરીદેવ ગઢવી દ્વારા કરવામાં આવ્યું હતું.

# હરીપર ગામે છ જુગાર રમતા ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર એલસીબીની ટીમે બાતમીના આધારે જિલ્લાના લાલપુર તાલુકાના હરીપર ગામે જુગાર સંબંધિત દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે વાડીના શેઢે જુગાર રમી રહેલાં વાડી માલિક સહિત છ લોકોની અટકાયત કરી હતી. પોલીસે તમામના કબ્જામાંથી રોકડ, મોબાઇલ અને ઈકો કાર સહિત કુલ રૂા.૪.૮૫ લાખની મત્તા કબ્જે કરી તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.જામનગર લોકલ ક્રાઇમ બ્રાન્ચની ટીમને બાતમી મળી હતી કે જામનગર જિલ્લાના લાલપુર તાલુકાના હરીપર ગામે મનોજભાઈ નથુભાઈ રાઠોડની વાડીના શેઢે જુગારનો પાટલો મંડાયો છે. આ ચોક્કસ બાતમીના આધારે એલસીબીની ટીમે હરીપર ગામે દરોડો પાડ્યો હતો. દરોડા દરમિયાન પોલીસે ગંજીપાનાનો જુગાર રમી રહેલાં વાડીમાલિક મનોજભાઇ નથુભાઇ રાઠોડ ઉ.વ.૪૫, રહે. મોરકંડા રોડ, સન સીટી-૧ ની બાજુમા જામનગર. બાબુભાઇ કાનજીભાઇ કછટીયા ઉ.વ.૫૩, રહે. મહાપ્રભુજીની બેઠક પાસે, વ્રજવલ્લભ સોસાયટી પાછળ, જામનગર, મુકેશભાઇ પ્રાગજીભાઇ ખાણધર ઉ.વ.૩૭,રહે.રણજીત સાગર રોડ, કીર્તી પાનની પાછળ, દીના સામા કાઠે વાડી વિસ્તાર જામનગર. જગદીશભાઇ નાનજીભાઇ કછટીયા ઉ.વ.૫૪, રહે.ઠેબા બાય પાસ ચોકડી, ૨૨૦ કેવીની સામે, વાડી વિસ્તાર જામનગર. ધર્મેન્દ્રભાઇ વાલજીભાઇ કછટીયા ઉ.વ.૩૭, રહે.ઠેબા બાય પાસ ચોકડી, ૨૨૦ કેવી ની સામે, વાડી વિસ્તાર જામનગર, ગોપાલભાઇ જેરામભાઇ કણજારીયા.ઉ.વ.૩૦, રહે.ન્યુ ભાનુ પેટ્રોલપંપની પાછળ, નદીના સામા કાઠે, રણજીત સાગર રોડ,જામનગર નામના છ શખ્સોને ઝડપી લીધા હતાં. પોલીસે ઝડપાયેલા તમામ શખ્સો પાસેથી રૂા.૧,૫૫,૫૦૦ ની રોકડ રકમ, રૂા.૩૦,૦૦૦ ની કિંમતના છ મોબાઇલ ફોન અને રૂા.૩,૦૦,૦૦૦ ની કિંમતની એક ઇકો કાર મળી કુલ રૂા. ૪,૮૫,૫૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી તમમ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.આ કાર્યવાહી પીઆઇ વી.એમ.લગારીયાના માર્ગદર્શન મુજબ પીએસઆઇ પી.એન.મોરી તથા સી.એમ. કાંટેલીયા તથા એલ.સી.બી. સ્ટાફના હરપાલસિંહ સોઢા, ભરતભાઈ પટેલ, નાનજીભાઇ પટેલ, શરદભાઇ પરમાર, દિલીપભાઇ તલવાડીયા, હિતેન્દ્રસિંહ જાડેજા, અરજણભાઈ કોડીયાતર, મયુદીનભાઇ સૈયદ, ક્રિપાલસિંહ જાડેજા, ધમેન્દ્રસિંહ જાડેજા, નિર્મળસિંહ જાડેજા, ભરતભાઇ ડાંગર, ધનશ્યામભાઇ ડેરવાળીયા, સુમીતભાઇ શીયાર, રૂષીરાજસિંહ વાળા, મયુરસિંહ પરમાર, સુરેશભાઇ માલકીયા, ભારતીબેન ડાંગર, દયારામ ત્રિવેદી, બીજલભાઇ બાલાસરા તથા ધમેન્દ્રસિંહ જાડેજા શૈલેન્દ્રસિંહ જાડેજા વિગેરે દ્વારા કરવામાં આવેલ છે.

# ધ્રોલના લતીપરમાં ઘોડીપાસાની ક્લબ પર પોલીસના દરોડાઃ ૨૧ જુગારીઓ ઝડપાયા



**મુખ્ય સમાચાર, જામનગર**

ધ્રોલ તાલુકાના લતીપર ગામની સીમમાં આવેલા મથરાવાડી વિસ્તારમાં ઘોડીપાસાની ક્લબ ચાલતી હોવાની ચોક્કસ બાતમીના આધારે પોલીસે દરોડો પાડ્યો હતો. આ દરોડામાં એક મહિલા સહિત કુલ ૨૧ જુગારીઓને ઝડપી પાડવામાં આવ્યા હતા.પોલીસે સ્થળ પરથી રૂ. ૨.૬૪ લાખ રોકડા, ૧૮ મોબાઈલ ફોન અને ૫ વાહનો સહિત કુલ રૂ. ૨૯.૪૪ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કાર્યવાહીથી પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.ક્લબના સંચાલકો રાજેશ દેવદાન કેશુર, વિપુલ ઉર્ફે ભુરી મગન કેશુર અને કાંતિલાલ ઉર્ફે કાનો દામજી કોટડિયા સહિત ત્રણ આરોપીઓ પોલીસ દરોડા દરમિયાન ફરાર થવામાં સફળ રહ્યા હતા. પોલીસે તેમની શોધખોળ શરૂ કરી છે.

આ જુગાર ક્લબ લતીપર ગામના મથરાવાડી વિસ્તારમાં કાના કોટડિયાની વાડીમાં આવેલા મકાનમાં ચલાવવામાં આવી રહી હતી. સંચાલકો બહારથી માણસો ભેગા કરીને જુગારના સાધનો પૂરા પાડી, નાલ ઉઘરાવી પોતાના અંગત ફાયદા માટે ઘોડીપાસાનો જુગાર રમાડતા હતા.ઝડપાયેલા જુગારીઓમાં ધાંગધ્રા, મોરબી, જામનગર, રાજકોટ અને સુરેન્દ્રનગરના રહેવાસીઓનો સમાવેશ થાય છે. આ આરોપીઓમાં ખેતીકામ કરતા, વેપારીઓ, કન્સ્ટ્રક્શન સાથે સંકળાયેલા, મજૂરી કરતા, માલધારી અને ખાનગી નોકરી કરતા શખ્સોનો સમાવેશ થાય છે. આ દરોડાની કાર્યવાહી ધ્રોલના પીઆઈ રાઠોડની સૂચનાથી સ્થાનિક પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# જામનગરના ખારા બેરાજા નજીક ખનિજ ચોરી ઝડપાઈ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર તાલુકાના ખારાબેરાજા ગામની સીમ વિસ્તારમાં મોરમ ખનિજનું ગેરકાયદેસર ખનન થતું હોવાની બાતમીના આધારે દરોડો પાડવામાં આવ્યો હતો અને એક ટાટા હિટાચી કંપનીનું એક્સક્વેટ મશીન અને એક ડમ્પર જપ્ત કરવામાં આવ્યા હતાં.

કબજે લેવાયેલ ટાટા હિટાચી મશીનના માલિક રોયલ કન્સ્ટ્રક્શન છે, જ્યારે જીજે-૧૦-ટીએક્સ-૫૩૮૦ નંબરનું ડમ્પર માલિક-ધર્મેશસિંહ બળવંતસિંહ સિસોદિયા છે.

આમ મશીન અને ડમ્પર દ્વારા બિનઅધિકૃત ખનન અને વહન ચાલુ હાલતમાં ઝડપવામાં આવ્યું છે અને રૂ. ૫૦ લાખની કિંમતનો મુદ્દામાલ અટક કરી જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.આ કામગીરી કચેરીના આનંદભાઈ, ભાવેશભાઈ, નૈતિકભાઈ, નિખીલભાઈ, રમેશભાઈ વિગેરે દ્વારા કરવામાં આવી હતી

# જામનગરના ધ્રોલ દુષ્કર્મ કેસની તપાસમાં ગંભીર બેદરકારીઃ PI વાય.જે. વાઘેલા સસ્પેન્ડ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગર જિલ્લાના પોલીસ ઈન્સ્પેક્ટર (PI) વાય.જે. વાઘેલાને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જિલ્લા પોલીસ વડા ડો.રવિ મોહન સૈનીએ ધ્રોલ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા એક દુષ્કર્મના કેસની તપાસમાં બેદરકારી દાખવવા બદલ આ કાર્યવાહી કરી છે. PI વાય.જે. વાઘેલા હાલમાં LIB લોકલ ઈન્ટેલિજન્સ બ્યુરો શાખામાં ફરજ બજાવે છે. અગાઉ તેઓ AHTU એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટમાં પણ ફરજ બજાવી ચૂક્યા છે. આ સસ્પેન્શન ધ્રોલ તાલુકાના એક ગામે બનેલા દુષ્કર્મના કેસ સાથે સંબંધિત છે.પોલીસ



અધિક્ષક ડો.રવિ મોહન સૈનીના આદેશ મુજબ, PI વાઘેલાએ આ ગંભીર કેસની તપાસમાં જરૂરી ગંભીરતા અને કાળજી દાખવી ન હતી, જેના કારણે તેમને ફરજ પરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

# સોશ્યલ મીડિયામાં બદનામીજનક વિડિયો મામલે પૂર્વ કૃષિમંત્રીની ફરિયાદ

**મુખ્ય સમાચાર, જામનગર**

જામનગરમાં સોશિયલ મીડિયામાં ટેકનોલોજીના ઉપયોગ થકી વાયરલ કરવામાં આવતા વિડિઓ ચર્ચાનું કારણ બની રહ્યા છે. જે મામલો હવે પોલીસના દ્વારે પહોંચ્યો છે. જામનગર ગ્રામ્યના ધારાસભ્ય અને પૂર્વ કૃષિ મંત્રીને સોશિયલ મીડિયાના માધ્યમથી બદનામ કરવાનું કાવતં કરનાર બે આઈ.ડી. ધારક સામે ફરિયાદ નોંધાઈ છે. મહત્વનું છે કે જામનગરના અગ્રણી બિલ્ડર બાદ હવે પૂર્વ કૃષિ મંત્રી અને જામનગર ગ્રામ્યના ધારાસભ્ય રાઘવજીભાઈ પટેલે પણ ફરિયાદ નોંધાવી છે.

રાઘવજીભાઈ પટેલની એઆઈ મારફતે વિકૃત ફોટા થકી વિડિયો પોસ્ટ કરી બદનામ કરનાર આઈ ડી ધારક સામે સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ગુન્હો દાખલ કરાયો છે.

વિગત અનુસાર જામનગરના સાયબર ક્રાઇમ પોલીસ મથકમાં ધારાસભ્ય અને ગુજરાત રાજ્યના પૂર્વ કૃષિ મંત્રી રાઘવજીભાઈ હંસરાજભાઈ પટેલ દ્વારા ફેસબુક આઇ.ડી. Vishal o Kansagara તથા ઈન્સ્ટાગ્રામ આઇ.ડી. v.kansagara77 નામની આઇ.ડી. હેન્ડલ કરતા અજાણ્યા શખ્સો સામે ફરિયાદ નોંધાવી છે.જેમાં જાહેર કરેલ વિગત અનુસાર આરોપી ફેસબુક આઈ.ડી. ના વપરાશકર્તા વિશાલ કણસાગરા તથા ઈન્સ્ટાગ્રામ આઈ.ડી. ના વપરાશકર્તા વી. કણસાગરા૭૭ એ પોતાને સોશીયલ મીડીયાના માધ્યમથી બદનામ કરવાના ઈરાદે તેમજ સમાજમાં બદનક્ષી થાય, અથવા કોઈને કોઈ પ્રકારે પોતાની પાસેથી નાણા પડાવવાના ઈરાદે તથા પોતાની સસ્તી પ્રસીધ્ધી મેળવવાના ઈરાદે પૂર્વ મંત્રીના ફોટા તેઓની મંજૂરી વગર કોઇપણ રીતે મેળવીને ચોરી કરી લીધા હતા.જે ફોટોગ્રાફસમા આર્ટીફીશીયલ ઈન્ટેલીઝન્સથી એડીટીંગ કરી ફોટોગ્રાફસ વિકૃત કરી પોતાની પ્રતિષ્ઠાને હાની પહોંચે તેવુ જાણવા છતાં ખોટું ઈલેક્ટ્રોનીક રેકર્ડ બનાવી તથા અલગ અલગ વિડિયો બનાવી ફોટાઓ તથા વિડિયોમા બદનામ કરતા લખાણ લખી/બોલી સુલેહભંગ થાય તે માટે ઉશ્કેરવા સારૂ ઉશ્કેરણી જનક લખાણ લખી ફોટો ગ્રાફસ તથા વિડિયો પોતાની આઈ.ડી. મા અપલોડ કરી વાયરલ કરી દીધા હોવાનું જાહેર કર્યું હતું.જે ફરિયાદના અનુસંધાને પોલીસ દ્વારા આઈડીધારક સામે ભારતીય ન્યાય સંહિતા ૨૦૨૩ ની કલમ ૩૩૧(૨), ૩૩૧(૪), ૩૫૨, ૩૫૧ તથા આઈ.ટી. એક્ટ કલમ ૧૧(સી) મુજબ કોનો નોંધવામાં આવ્યો છે.

# જામનગરમા અનુસૂચિત જાતિ એડવોકેટ એસોસિએશનના પ્રમુખ તરીકે એડવોકેટ રમેશ ચૌહાણની નિમણૂક કરાઈ



**મુખ્ય સમાચાર, જામનગર**


જામનગર સાત રસ્તા ડો. બાબા સાહેબ આંબેડકર હોલ ખાતે અનુસૂચિત જાતિ એડવોકેટ એસોસિએશન દ્વારા જનરલ બોર્ડની મિટિંગ યોજી હતી. જેમાં નવા હોદેદારોની નિમણૂક કરવામાં આવી હતી. જામનગર અને દેવભૂમિ દ્વારકા.જેમાં પ્રમુખ તરીકે એડવોકેટ રમેશ આર. ચૌહાણ નિમણૂક કરાઈ, ઉપપ્રમુખ તરીકે એડવોકેટ હરીશભાઈ ગોહિલ નું નિમણૂક થઈ હતી.સેક્રેટરી. ખોડીદાસ એસ વાઘેલા, જોઈન્ટ સેક્રેટરી રાહુલ ચૌહાણ, ખજાનચી. બાબુભાઈ સિંચ, કારોબારી સભ્યોમાં,દીપકભાઈ ડી પરમાર, દીપકભાઈ ગચ્છર, આલાભાઇ કંટારીયા,ગીરધરભાઇ વાઘેલા,અશોકભાઈ વઘેરા, જે જે પરમાર,ગીતાબેન પારેગી, આશાબેન મકવાણા, પાર્વતી ખીમસુરીયા, સંજય એલ માતંગ,જયેશભાઈ ધ્રુવ, રોહિત મકવાણા. પ્રફુલ ચંદ્રપાલ.અને સલાહકાર સમિતિ તરીકે સિનિયર એડવોકેટમાં એન વી ગોહિલ એન જે પરમાર કે બી બગડા,પી ડી મારૂ રમેશભાઈ પારધીની સર્વાનુમતે નિમણૂક કરવામાં આવી હતી.આ મિટિંગમાં અનુ.જાતિના બહોળી સંખ્યામાં વકીલો ઉપસ્થિત રહેલ હતા.

# બાંગ્લાદેશમાં હિન્દુ યુવાનની નિર્મમ હત્યાના વિરોધમાં મોરબીમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજાશે

**મુખ્ય સમાચાર, મોરબી**

બાંગ્લાદેશમાં હિન્દુ શ્રમિકની જાહેરમાં કરાયેલી નિર્મમ હત્યાની ઘટનાએ સમગ્ર હિન્દુ સમાજમાં રોષ ફેલાવ્યો છે. આ ઘટનાના વિરોધમાં વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળ દ્વારા આજે મોરબીના નગર દરવાજા ચોક ખાતે ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવાનું આયોજન કરાયું છે.

મોરબી બાંગ્લાદેશમાં હિન્દુ યુવાનની જાહેરમાં થયેલી નિર્મમ હત્યાની ઘટનાને લઈને મોરબી સહિત સમગ્ર દેશમાં રોષની લાગણી જોવા મળી રહી છે. વિશ્વ હિન્દુ પરિષદ-બજરંગ દળ સમસ્ત હિન્દુ સમાજ મોરબી દ્વારા આ ઘટનાના વિરોધમાં આજે મંગળવાર તા. ૨૩-૧૨-૨૦૨૫ના રોજ સાંજે ૬ વાગ્યે નગર




દરવાજાના ચોકમાં ઉગ્ર વિરોધ પ્રદર્શન યોજવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં તમામ હિન્દુ ભાઈઓ અને બહેનોને ફરજિયાત જોડાવા અપીલ કરવામાં આવી છે. વિશ્વ હિન્દુ પરિષદના જણાવ્યા મુજબ હાલના સમયમાં હિન્દુ વિરોધી અને હિન્દુ ધર્મ, આસ્થા તથા જીવને આઘાત પહોંચાડતી ઘટનાઓ સતત વધતી જઈ રહી છે. ગત સપ્તાહ બાંગ્લાદેશના મેમનસિંહ જીલ્લાનાં ભાલુકા વિસ્તારમાં સામાન્ય હિન્દુ શ્રમિક દીપુદાસ પર ઈશ નિંદાના ખોટા આરોપ લગાવી જેહાદી ભીડ દ્વારા અનૌપચારિક વાતચીત દરમિયાન તેની નિર્મમ હત્યા કરવામાં આવી હતી. હત્યા બાદ દીપુદાસને ઝાડ પર લટકાવી બાળી દેવામાં આવ્યો હોવાનો વીડિયો સોશિયલ મીડિયામાં ભારે વાયરલ થયો છે. વિશેષ ચિંતાજનક બાબત એ છે કે આ સમગ્ર ઘટના ત્યાંના પોલીસ પ્રશાસનની નજર સામે બની હોવાના આક્ષેપો પણ કરવામાં આવ્યા છે.

# શહીદ ગણેશભાઈના પરિવારજનોને મોરબી જીલ્લા પંચાયત દ્વારા ૧ લાખનો આર્થિક સહયોગ

## મંત્રી કાંતિલાલ અમૃતિયા તથા જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારેઘીનાં હસ્તે શહીદના પત્નીને ૧ લાખનો ચેક અર્પણ કરાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી શહેરના વતની શહીદ ગણેશભાઈ મનસુખભાઇ પરમાર જેઓ ભારતના લશ્કરી દળમાં ફરજ બજાવતાં હતા. તેઓ ચાલુ ફરજ દરમિયાન તા.૦૯/૧૨/૨૦૨૫ના રોજ શહીદ થતાં આ દુઃખદ ઘટનાને પગલે શહીદના પરિવારજનોને આર્થિક સહયોગ મળી રહે તે હેતુસર મોરબી જીલ્લા પંચાયત દ્વારા શ્રમ અને રોજગાર મંત્રી કાંતિલાલ અમૃતિયા તથા જીલ્લા પંચાયત પ્રમુખ હંસાબેન પારઘીના હસ્તે રૂપિયા ૧,૦૦,૦૦૦/- (એક લાખ રૂપિયા)ની સહાય મંજૂર કરી શહિદના પત્ની પરમાર સંગીતાબેન ગણેશભાઈને ચેક અર્પણ કરવામાં આવ્યો હતો.

આ દુઃખદ ઘટનાથી સમગ્ર જીલ્લામાં શોકની લાગણી વ્યાપી ગઈ હતી. દેશ-સેવામાં પોતાનું અમૂલ્ય બલિદાન આપનાર શહીદ ગણેશભાઇ મનસુખભાઇ પરમારને જીલ્લા પંચાયત-મોરબી દ્વારા ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પણ કરતા જીલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન પારઘી, ઉપપ્રમુખ હિરાભાઈ ટમારીયા, કારોબારી ચેરમેન પ્રવીણભાઈ સોનગ્રા, જીલ્લા વિકાસ અધિકારી નવલદાન ગઢવી તથા તમામ જીલ્લા પંચાયત સદસ્યોએ શહીદના બલિદાનને નમન કરી પરિવાર પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી તેમજ જણાવ્યું હતું કે, શહીદ ગણેશભાઈ પરમારનું બલિદાન હંમેશા યાદગાર રહેશે અને આવનારી પેઢીઓ માટે પ્રેરણારૂપ બનશે.

# મોરબીના પીપળીયા ચાર રસ્તા નજીક અજાણ્યા વાહનની હડફેટે મોટરસાયકલ ચાલકનું મોત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના પીપળીયા ચાર રસ્તા નજીક અકસ્માતના બનાવમાં અજાણ્યા વાહન ચાલક દ્વારા પોતાનું વાહન પુરપાટ ઝડપે ચલાવી મોટર સાયકલને હડફેટે લેતા, મોટર સાયકલ ચાલકને માથામાં ગંભીર ઈજાઓ પહોચતા તેનું સ્થળ ઉપર મોત નીપજ્યું હતું. અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો.

હિટ એન્ડ રન અકસ્માત અંગેની પ્રાપ્ત વિગતો મુજબ મોરબી તાલુકાના કુંતાસી ગામના વતની પ્રતાપભાઈ રણછોડભાઈ બાબરીયા ઉવ.૬૫ એ તાલુકા પોલીસ મથકમાં અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે, ગઈ તા.૧૯/૧૨ ના રોજ ફરિયાદી પ્રતાપભાઈના દીકરા દિનેશભાઇ ઉવ.૩૯ પોતાનું હીરો કંપનીનું બાઇક રજી.નં. જીજે-૩૬-એકે-લઈને કુંતાસી ગામથી ગૂંગણ ગામ જઈ રહ્યા હોય તે દરમિયાન પીપળીયા ચાર રસ્તા નજીક નિરુનગર ગામના પાટીયા નજીક અજાણ્યા વાહન ચાલકે પોતાનું વાહન ફૂલ સ્પીડ અને બેફિકરાઈથી ચલાવી આવી, દિનેશભાઇના મોટર સાયકલને હડફેટે લીધું હતું. અકસ્માતના બનાવમાં બાઇક ચાલક દિનેશભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોચતા તેનું મૃત્યુ નિપજ્યું હતું. જ્યારે અકસ્માત સર્જી અજાણ્યો વાહન ચાલક પોતાનું વાહન લઈને સ્થળ ઉપરથી નાસી ગયો હતો. હાલ મોરબી તાલુકા પોલીસે આરોપી અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# વાંકાનેરના સરતાનપર ગામે લેબર ક્વાર્ટરમાંથી વિદેશી દારૂ-બિયરના જથ્થા સાથે એક ઝડપાયો



**મુખ્ય સમાચાર, મોરબી**

વાંકાનેર તાલુકાના સરતાનપર ગામે સીરામીક ફેક્ટરીના લેબર ક્વાર્ટરમાં દરોડા દરમિયાન વિદેશી દારૂ અને બિયરના જથ્થા સાથે એક ઈસમ ઝડપાયો છે. વાંકાનેર તાલુકા પોલીસે રૂ. ૬૨,૭૮૦/-નો મુદ્દામાલ જપ્ત કરી પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધ્યો છે. આ સાથે વિદેશી દારૂ-બિયરના સપ્લાયરનું નામ ખુલતા તેને ફરાર દર્શાવી, પોલીસે ફરાર આરોપીની શોધખોળ હાથ ધરી છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષક એમ.એન. પટેલ તથા નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ. સારડાના માર્ગદર્શન હેઠળ વાંકાનેર વિભાગમાં પ્રોહીબીશન સામે કડક કાર્યવાહી ચાલી રહી છે. આ દરમ્યાન વાંકાનેર તાલુકા પોલીસ મથકના પીઆઈ બી.વી. પટેલની સૂચનાથી તાલુકા સર્વેલન્સ ટીમ પેટ્રોલિંગમાં હોય તે

દરમિયાન પો.કોન્સ. રાજેશભાઈ પલાણી અને બ્રિજેશભાઈ બોરીચાને મળેલી સંયુક્ત બાતમીના આધારે વાંકાનેર તાલુકાના સરતાનપર ગામની સીમમાં આવેલ કમાન્ડર સીરામીકના કારખાનાના લેબર ક્વાર્ટરમાં દરોડો પાડવામાં આવ્યો હતો. દરોડા દરમિયાન લેબર ક્વાર્ટરમાંથી વિદેશી દારૂની વિવિધ બ્રાન્ડની ૨૯ બોટલ કિ.રૂ.૩૭,૫૦૦/-, અલગ અલગ કંપનીના બિયરના ૧૪૪ ટીન કિ.રૂ.૨૦,૨૮૦/- તથા મોબાઈલ ફોન એક કિ.રૂ.૫,૦૦૦/-મળી આવ્યો હતો. આમ કુલ રૂ. ૬૨,૭૮૦નો મુદ્દામાલ સાથે આરોપી રાકેશભાઈ માનીકચંદ યાદવ રહે. હાલ કમાન્ડર કારખાનાની લેબર કોલોની ક્વાર્ટર નં. એ-૦૮ તા. વાંકાનેર મૂળરહે. ડુબકી તા. નિજામાબાદ જી.આજમગઢ ઉત્તરપ્રદેશ વાળાને પકડી પાડવામાં આવ્યો છે. જ્યારે વિદેશી દારૂનો જથ્થો આપનાર આરોપી પ્રવિણભાઈ શીવાભાઈ જોગરાજીયા રેઇડ દરમિયાન હાજર નહિ મળી આવતા તેને ફરાર જાહેર કરી વાંકાનેર તાલુકા પોલીસે બન્ને આરોપીઓ સામે પ્રોહીબીશન એક્ટ મુજબ ગુનો નોંધી, ફરાર આરોપીની શોધખોળ શરૂ કરી છે.

# મોરબીના જુના ઘુંટુ રોડ પર કન્ટેનર પલ્ટી મારી કાર ઉપર પડતાં ગમખ્વાર અકસ્માત, પતિ-પત્નીનું મોત







**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબીના જુના ઘુંટુ રોડ ઉપર નવ નાળા નજીક કન્ટેનર પલ્ટી મારી કાર પર પડતાં ભયાનક અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં કાર સવાર પતિ-પત્નીના ઘટનાસ્થળે મોત નિપજ્યા હતા. જ્યારે અકસ્માત સર્જી કન્ટેનરનો ડ્રાઈવર વાહન મૂકીને ફરાર થઈ ગયો હતો.

મોરબીના જુના ઘુંટુ રોડ ઉપર નવ નાળા તરીકે ઓળખાતા પુલિયા પાસે ગઈકાલે તા. ૨૨/૧૨ના રોજ બપોરે અંદાજે ૧૨ વાગ્યાના અરસામાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં વણાંક લેતી વેળાએ એક ભારે કન્ટેનર અચાનક પલ્ટી મારી ગયું હતું, જે સીધું જ ત્યાંથી પસાર થતી સેન્ટ્રો કારના માથે પડતાં કાર સંપૂર્ણપણે દબાઈ ગઈ હતી. ત્યારે કારમાં ટંકારાના દેવીપૂજક વાસ વિસ્તારમાં રહેતા એક જ પરિવારના ચાર સભ્યો સવાર હતા. આ અકસ્માતમાં મંજુબેન મનસુખભાઈ કુંઢીયા ઉવ.૪૦ અને તેમના પતિ મનસુખભાઈ મનજીભાઈ કુંઢીયા ઉવ.૪૫નું કરૂણ મોત નિપજ્યું હતું. મળતી માહિતી મુજબ મંજુબેનના ભાઈના નિધનને કારણે પતિ-પત્ની હળવદ માઠા પ્રસંગે ગયા હતા અને ત્યાંથી કારમાં પરત ટંકારા આવી રહ્યા હતા તે સમયે આ દુર્ઘટના બની હતી. અકસ્માતમાં નાથાભાઈ મનજીભાઈ કુંઢીયા ઉવ.૬૦ અને જયાબેન નાથાભાઈ કુંઢીયા ઉવ.૫૫ને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. હાલ મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોરબી સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યારે અકસ્માત સર્જી કન્ટેનરનો ડ્રાઈવર વાહન સ્થળ પર મૂકીને ફરાર થઈ જતા તાલુકા પોલીસે તેની શોધખોળ શરૂ કરી છે.

# રેલવે સેફટીમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ રાજકોટ ડિવિઝનના ૬ રેલકર્મીઓને ડીઆરએમ દ્વારા સન્માનિત કરાયા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રેલવે સેફટી ક્ષેત્રે ઉત્કૃષ્ટ, સતર્ક અને પ્રશંસનીય કામગીરી કરવા બદલ પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝનના છ કર્મચારીઓને આજે ડિવિઝનલ રેલવે મેનેજર (DRM) ગિરિરાજ કુમાર મીના દ્વારા પ્રશસ્તિ પત્ર એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા. રાજકોટ સ્થિત ડીઆરએમ ઓફિસના કોન્ફરન્સ રૂમમાં આ સન્માન સમારોહ યોજાયો હતો. રાજકોટ ડિવિઝનના ઈલેક્ટ્રિકલ (ટ્રેક્શન) વિભાગના આ કર્મચારીઓને જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બર ૨૦૨૫ દરમિયાન રેલવે સેફટી સુનિશ્ચિત કરવામાં તેમના નોંધપાત્ર યોગદાન બદલ આ એવોર્ડ આપવામાં આવ્યા છે. સન્માનિત થનારા રેલકર્મીઓમાં રાજકોટના કિશન પંડ્યા, ફ્રાન્સિસ એલ. અને રાઘવ ગોહિલ (ત્રણેય લોકો પાયલોટ, મેઈલ-એક્સપ્રેસ) તથા શ્રી લખન લાલ સૈની (આસિસ્ટન્ટ લોકો પાયલોટ, ગુડ્સ) નો સમાવેશ થાય છે. આ ઉપરાંત હાપાના પ્રવીણ એચ. સોનગરા અને રામેશ્વર (બંને લોકો પાયલોટ, ગુડ્સ) ને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. આ કર્મચારીઓએ ફરજ દરમિયાન ઉચ્ચ સ્તરની સતર્કતા અને સૂઝબૂઝનો પરિચય આપી સંભવિત અકસ્માતોને ટાળવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. જેમાં મેઈલ/એક્સપ્રેસ ટ્રેનના એન્જિન નિરીક્ષણ દરમિયાન ઢીલા સેન્ડ બોક્સને સમયસર યોગ્ય કરાવવું, માલગાડીના વેગનમાં તૂટેલી નકલ પિન તેમજ લટકતા ઓપરેટિંગ હેન્ડલની ઓળખ કરી તાત્કાલિક સુધારા કરાવવા તથા વેગનના પ્રાયમરી સસ્પેન્શન સ્પ્રિંગમાં લાગેલી આગને તાત્કાલિક બુઝાવી રેલવે સંપત્તિનું રક્ષણ કરવા જેવી કામગીરીનો સમાવેશ થાય છે. અન્ય એક ઘટનામાં, રેલવે ફાટક પર અનિયમિતતા જણાતા લોકો પાયલોટે મેઈલ/એક્સપ્રેસ ટ્રેનની ગતિ નિયંત્રિત કરી હતી અને ખામી દૂર થયા બાદ જ ટ્રેનનું સંચાલન શરૂ કર્યું હતું. આ પ્રસંગે ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ સન્માનિત કર્મચારીઓને અભિનંદન પાઠવતા તેમની ત્વરિત નિર્ણય લેવાની ક્ષમતા અને સમર્પણની પ્રશંસા કરી હતી અને તેને સમગ્ર ડિવિઝનના કર્મચારીઓ માટે પ્રેરણાદાયી ગણાવી હતી. આ ગરિમાપૂર્ણ અવસરે સિનિયર ડિવિઝનલ સેફટી ઓફિસર રમેશ ચંદ્ર મીના અને સિનિયર ડિવિઝનલ ઈલેક્ટ્રિકલ એન્જિનિયર (TRO) મનોજ રાવ ઉપસ્થિત રહ્યા હતા.

# રાજકોટ જિલ્લા ગ્રામ્યમાં હથિયારબંધી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ જિલ્લા ગ્રામ્યમાં ધાર્મિક શોભાયાત્રા, નાતાલ જેવા વિવિધ તહેવારોની ઉજવણી તેમજ વિવિધ રાજકીય પક્ષો અને સંગઠનો દ્વારા રેલી, ધરણા જેવા કાર્યક્રમો યોજાતા હોય છે. જેને ધ્યાને લઈને કાયદો વ્યવસ્થા, જાહેર શાંતિ અને સલામતી જળવાઈ રહે અને અનિચ્છનીય બનાવો ન બને, તે માટે અધિક જિલ્લા કલેક્ટર એન.કે.મુછાર દ્વારા પ્રતિબંધાત્મક આદેશો જાહેર કરાયા છે.

જે મુજબ રાજકોટ શહેર પોલીસ કમિશ્નરની હકુમત સિવાયના વિસ્તારમાં શસ્ત્રો, તલવાર, ભાલા, ખંજર, છરી સહિતના શારીરિક ઈજા કરી શકાય તેવા હથિયારો તેમજ સ્ફોટક પદાર્થ સાથે રાખીને ફરવા પર પ્રતિબંધ ફરમાવાયો છે. જાહેર જગ્યાએ પરવાનાવાળા હથિયારો લઈ જવા, હવામાં ફાયર કરવા, મેળા, ધાર્મિક સરઘસ કે સમુદાયમાં લઈ જવા તેમજ પ્રાઈવેટ સીક્યુરીટી એજન્સીના કમીઓએ ફરજ સમય સિવાય લાયસન્સવાળા હથિયારો લઈ જવા પર પ્રતિબંધ છે. પથ્થરો અને શસ્ત્રો ફેંકવાના સાધનો એકઠા કરવા તથા સરઘસમાં પેટાવેલી મશાલો લઈ જવા તેમજ પુતળા બાળવા-લટકાવવા તથા લોકોએ બુમ પાડવા, ગીતો ગાવા તથા વાદ્ય વગાડવા, જીઝેક ચપ્પુઓ સાથે રાખવાની મનાઈ છે. ઉપરાંત, સુરૂચિનો ભંગ થતો હોય અથવા રાજય ઉથલી પડવાનો સંભવ હોય તેવા છટાદાર ભાષણ આપવા, નકલ કરવા તથા ચિત્રો, નિશાનીઓ, જાહેરખબરો તૈયાર કરવા અને તેનો ફેલાવો કરવા પર પ્રતિબંધ મુકાયો છે.

ઉલ્લેખનીય છે કે, સરકારી અને અર્ધસરકારી કર્મચારી કે જેને ઉચ્ચ અધિકારીએ કોઈપણ હથિયાર લઈ જવાનું ફરમાવ્યું હોય, વૃદ્ધો તથા અશકતો કે જેઓને લાકડીના ટેકે ચાલવાનું હોય તેમજ સક્ષમ સત્તાધિકારી તરફથી જેને પરવાનગી આપી હોય તેવી વ્યક્તિઓને હુકમ લાગુ પડશે નહીં.

આ આદેશ તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી અમલમાં રહેશે. જેનો ભંગ કરનારા શિક્ષાને પાત્ર થશે.

# હેવી ગુડઝ વીહીકલ અને ત્રિચક્રી વાહનો માટે GJ-03-BZ, GJ-03-CU અને GJ-03-CV સીરીઝના ગોલ્ડન-સિલ્વર નંબરોના રી-ઓકશન ૨૭ ડિસેમ્બરથી શરુ થશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

પ્રાદેશિક વાહન વ્યવહારની કચેરી, રાજકોટ દ્વારા હેવી ગુડઝ વીહીકલ અને ત્રિચક્રી વાહનો માટે GJ-03-BZ, GJ-03-CU અને GJ-03-CV સીરીઝના ગોલ્ડન, સિલ્વર કે અન્ય પસંદગીના નંબરોના રી-ઓકશન તા. ૨૭/૧૨/૨૦૨૫થી શરુ કરવામાં આવશે. પસંદગીના નંબર મેળવવા ઇચ્છુકે ઓનલાઈન http://parivahan.gov.in/fancy પર રજિસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

પસંદગીના ગોલ્ડન, સિલ્વર કે અન્ય પસંદગીના નંબરો મેળવવા માટે તા. ૨૭થી તા. ૩૧ ડિસેમ્બર સુધી ઓનલાઈન એપ્લીકેશન કરવાની રહેશે. તેમજ તા. ૩૧ ડિસેમ્બર થી તા. ૦૨ જાન્યુઆરી, ૨૦૨૬ના સાંજના ૪ કલાક સુધી ઓનલાઈન ઓકશનમાં બિડિંગ પ્રક્રિયા પુર્ણ થયા બાદ તા. ૦૨ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ કચેરીમાં ફોર્મ જમા કરાવવાના રહેશે.

ઉલ્લેખનીય છે કે રજીસ્ટ્રેશન કરાવવા ઉમેદવારે સૌ પ્રથમ parivahan.gov.in પર જઈ ઓનલાઇન સર્વિસ પર કિલક કરવું, ત્યારબાદ fancy number booking પર ક્લિક કરી પબ્લિક યુઝર પસંદ કરી આઈ.ડી. બનાવવું. ત્યાર બાદ સી.એન.એ. ફોર્મ ઓનલાઇન ભરવું અને પસંદગીના નંબરમાં દર્શાવેલી ઓછામાં ઓછી ફી ભરવી. ફી ભરાયા બાદ હરાજીમાં ભાગ લઈ, હરાજીમાં નંબર મેળવ્યા બાદ ૦૫ દિવસમાં હરાજીની બાકીની રકમ ભરવી. જે બાદ આર.ટી.ઓ.ની અપ્રુવલ લઈ નંબર મેળવવો.

વાહનનું રજીસ્ટ્રેશન કરાયેલું હોવું જરૂરી છે. વાહન ખરીદીના સાત દિવસમાં અરજદારે સી.એન.એ. ફોર્મ ઓનલાઈન ભરેલું હોવું ફરજીયાત છે. સમય મર્યાદા બહારની અરજી માન્ય ગણવામાં આવશે નહીં. તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી, રાજકોટની યાદીમાં જણાવાયું છે.

# વાંકાનેરમાં ત્રિદિવસીય કામા અશ્વ-શો

## તા.૨૬-૨૭-૨૮ ઘોડા હણહણાટી કરશેઃ રોમાંચક પ્રદર્શન-રમતોત્સવ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

વાંકાનેર ખાતે ત્રિદિવસીય અશ્વ-શો અને રમતોત્સવનું ભવ્ય આયોજન થયું છે. આ અંગે યોજાયેલ પત્રકાર પરિષદમાં સાંસદ કેશરીદેવસિંહજી ઝાલાએ જણાવ્યું હતું કે, આગામી ૨૬, ૨૭, ૨૮ ડિસેમ્બરે વાંકાનેરમાં ૧૭ માં કામા અશ્વ-શો તથા રમતોત્સવનું આયોજન કરાયું છે. જે અંતર્ગત અશ્વ પ્રેમીઓમાં થનગનાટ છવાયો છે.



આ શોમાં ભાગ લેવા માટે કાઠિયાવાડી-મારવાડી-સિંધી અશ્વ પાલકોને આમંત્રણ અપાયું છે. કેશરીદેવસિંહજીએ જણાવ્યું હતું કે, રાજય સરકાર દ્વારા અશ્વોની કાઠીયાવાડી ઓલાદની જાળવણી માટે રાજયમાં ૨(બે) અશ્વ સંવર્ધન ફાર્મ અને ૧૨(બાર)થી વધુ વાલી ઘોડા સેવા કેન્દ્રો કાર્યરત છે. કાઠીયાવાડી મારવાડી હોર્સ બ્રીડર્સ સોસાયટી ૧૯૮૫થી કાર્યરત છે.

ત્યારબાદ થી રાજય સરકાર દ્વારા કાઠીયાવાડી હોર્ષ બ્રિડર્સ એશોસીએશન ની સ્થાપના કરીને એક ટ્રસ્ટ રાજય સરકારના કળષી મંત્રાલયના પશુપાલન ખાતા સાથે સંકલન કરીને અશ્વ ઉછેરની પ્રવળત્તિને વેગ આપવા માટે કાર્યરત બની હતી.

વિશ્વભરમાં કાઠિયાવાડી અશ્વો પ્રખ્યાત છે. કાઠિયાવાડી અશ્વોનું સંવર્ધન કરનાર, પાલન કરનાર ઈતિહાસ સાથે વણાયેલા છે. ભારતીય સંસ્કળતિ ધર્મ અને ઈતિહાસ સાથે અશ્વ સંસ્કળતિએ પણ અનોખી ભાત પાડેલ છે. આ અશ્વ પ્રવળત્તિઓ વેગવાન બનાવવાનાં પ્રયત્નરૂપે તેમજ પશુપાલન ખાતુ ગુજરાત રાજયના સહયોગથી શ્રી કાઠીયાવાડી હોર્સ બ્રિડર્સ એસોશીએશન દ્વારા આયોજીત ૧૭મો કામા અશ્વ શો તેમજ પ્રદર્શન અને રમતોત્સવ મું.વાંકાનેર ખાતે યોજવામાં આવેલ છે. રમતોમાં ભાગ લેનારને સર્ટિફીકેટો-ટ્રોફી-રોકડ ઈનામો આપવામાં આવશે. આ કાર્યક્રમમાં ગુજરાત સરકારના મંત્રીઓ, ધર્મ સંસ્થાઓના વડાઓ, માજી રાજવીઓ, અગ્રણીઓ, નિષ્ણાંતો, અધિકારીગણો ઉપસ્થિત રહી પ્રોત્સાહિત કરશે.

અશ્વ શોની રોમાંચક વિગતો આપતા જણાવ્યું હતું કે, શ્રેષ્ઠ શણગારેલ અશ્વ તથા સવારઃ ગ્રાઉન્ડ પરેડ દરમ્યાન સરઘસ દરમ્યાન શ્રેષ્ઠ શણગારેલ અશ્વ તથા અશ્વ સવારને પસંદ કરી શો ના ઉદ્ઘાટન પછી તુરત જ ત્રણ ઈનામો આપવામાં આવશે. આ શણગાર પરંપરાગત હોવો જોઈએ. ઘોડાના શણગારથી થોડાનો કાન તથા મોઢાનું રૂપ સાવ દબાઈ જવું જોઈએ નહીં. અશ્વસવારે પણ બ્રીચીઝ કોટ, સાફો, બૂટ વિગેરે પરંપરાગત પોષાક પહેરેલ હોવા જોઈએ અથવા કાઠિયાવાડી પરંપરાગત પોશાકમાં સજ્જ હોવો જોઈએ. આ હરિફાઈમાં અશ્વનો શણગાર સોના-ચાંદી-રૂપાનાં દાગીના તથા પરંપરાગત કપડાં, સુતર, મોતી, દોરાના શણગાર માન્ય રહેશે.

કામા અશ્વ શોમાં વિજેતા ઘોડાઓનું શનિવારે પ્રદર્શન યોજાશે. કાઠીયાવાડી, મારવાડી,સિંધી ઘોડાઓના પ્રદર્શનો અલગ અલગ થશે. અશ્વ શો અને રમતોતસવમાં ટેકનીકલ કમીટીમાં રાજેન્દ્રસિંહ ચુડાસમા ચેરમેનપદે સેવા આપે છે. અશ્વ શોની તમામ વિગતો માટે અજીતસિંહ ગોહીલ (ઢસા) ૯૪૨૬૯ ૩૮૪૧૧, નરેશભાઇ ખાચર (ગઢડા) ૯૮૨૪૯ ૨૮૩૦૬, અશોકભાઇ ખુમાણ (અમરેલી) ૯૭૩૭૪ ૮૯૬૮૯ કિશોરસિંહ જાડેજા (રાજકોટ) ૯૪૨૬૪ ૩૮૬૮૧, દિલીપસિંહ પરમાર (જામનગર) ૯૪૨૭૨ ૮૪૫૫૧, ભુવનેશ્વરી ઔષધાશ્રમ (ગોંડલ) ૦૨૮૨૫-૨૨૦૯૬૮નો સંપર્ક થઇ શકે છે.

# હેમુ ગઢવી હોલ ખાતે યોજાનારી 'બાળ પ્રતિભા શોધ' સ્પર્ધા

## લોક નૃત્ય, દોહા-છંદ-ચોપાઇ, વકતૃત્વ, નિબંધ, ચિત્રકલા સહિતની સપર્ધામાં બાળકો કૌશલ્ય દેખાડશે

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર તેમજ યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ગાંધીનગર અને જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, રાજકોટ શહેર દ્વારા બાળ પ્રતિભા શોધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે.

આગામી તા.૨૫/૧૨/૨૦૨૫ ના રોજ હેમુ ગઢવી નાટ્યગૃહ, ટાગોર માર્ગ, રાજકોટ ખાતે લોક નૃત્ય, એકપાત્રીય અભિનય, લોકવાર્તા, દોહા-છંદ-ચોપાઈ, લોકવાદ્ય સંગીત, સમુહ ગીત, લગ્ન ગીત, ભજન,વકતૃત્વ, નિબંધ, ચિત્રકલા સહિતની સ્પર્ધાઓ યોજાશે.

વકતૃત્વ સ્પર્ધાના વિષય તા.૨૪/૧૨/૨૦૨૫ ના રોજ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓની કચેરી, રાજકોટના નોટીસ બોર્ડ પરથી બપોરે ૨ કલાકે મેળવી લેવાના રહેશે. સ્પર્ધામાં ભાગ લેનાર ઉમેદવારોએ નિયત સ્પર્ધાના સમય કરતાં ૧૫ મિનિટ વહેલા રીપોર્ટીંગ કરવાનું રહેશે. સ્પર્ધામાં જે શાળાના કલાકાર ભાઈઓ - બહેનોએ ફોર્મ ભરેલ છે તેમણે સ્પર્ધામાં સમયસર હાજર રહેવા જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી ની યાદીમાં જણાવાયું છે.

# હળવદના નવા સુંદરગઢ ગામે રહેણાંકમાં દેશી દારૂની ચાલુ ભઠ્ઠી ઝડપાઇ, મહિલા આરોપી વિરુદ્ધ ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

હળવદ પોલીસ ટીમને ખાનગીરાહે બાતમી મળેલ કે, નવા સુંદરગઢ ગામે મહિલા આરોપી પોતાના રહેણાંકમાં દેશી દારૂની ભઠ્ઠી ચલાવી મકાનમાં દેશી દારૂ બનાવી તેનું વેચાણ કરે છે, જે બાતમીને આધારે પોલીસે રેઇડ કરતા, જ્યાં ગરમ આથો તથા તૈયાર દેશી દારૂ સહિતનો મુદ્દામાલ કબ્જે લઈ આરોપી મહિલા વિરુદ્ધ હળવદ પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, હળવદ તાલુકાના સુંદરગઢ ગામે સ્મશાન પાસે રહેતા નીતાબેન દેવજીભાઈ પીપળીયા પોતાના રહેણાંક મકાનમાં દેશી દારૂ ગાળવાની ભઠ્ઠી ચલાવી, દેશી દારૂ બનાવે છે, અને હાલમાં આ ભઠ્ઠી ચાલુ છે, જે મુજબની હળવદ પોલીસને બાતમી મળતા તુરંત પોલીસે ઉપરોક્ત મહિલા આરોપીના રહેણાંક મકાને રેઇડ કરી હતી, રેઇડ દરમિયાન ઘરમાંથી ગરમ આથો ૧૨૫ લીટર તથા તૈયાર દેશી દારૂ ૩ લીટર તેમજ ભઠ્ઠીના સાધન સામગ્રી સહિત પોલીસે કુલ રૂ.૩,૭૨૫/-નો મુદ્દામાલ ઝડપી લીધો હતો. સૂર્યાસ્તનો સમય હોય જેથી મહિલા આરોપી નીતાબેન દેવજીભાઈ પાપલીયા ઉવ.૩૨ વાળાની અટક કરી ન હોય પરંતુ તેણીની સામે હળવદ પોલીસ મથકમાં ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ફેરીયાઓના ત્રાસને કારણે લાખાજીરાજ માર્કેટ બપોર સુધી બંધ રહી

## પાથરણા વાળાઓને લીધે ૧૫૦૦ વેપારીઓએ ધરણા યોજ્યા, નિરાકરણ નહીં આવે તો અઠવાડિયું માર્કેટ બંધ રાખવાની ચીમકી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટની ૧૦૦ વર્ષ જૂની લાખાજી રાજ માર્કેટ આજે બપોર ૧ વાગ્યા સુધી બંધ રાખી ૧૫૦૦ જેટલા વેપારીઓએ પોતાના વિરોધ નોંધાવ્યો છે. પાથરણા વાળાઓના દબાણના કારણે છેલ્લા પાંચ વર્ષથી વેપારીઓ મુશ્કેલી ભોગવી રહ્યા છે. જેને લઈને આજે સાંગણવા ચોક ખાતે ધરણા પ્રદર્શન કરવામાં આવ્યા હતા. જે બાદ વેપારીઓ મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવા પહોંચ્યા હતા. જો આ પ્રશ્નનો ઉકેલ નહીં આવે તો એક અઠવાડિયા સુધી માર્કેટ બંધ રહેશે તેવી ચિમકી ઉચ્ચારવામાં આવી છે.



રાજકોટના લાખાજીરાજ રોડ મર્ચન્ટ એસોસિએશનના પ્રમુખ મહેશ મહેતાએ જણાવ્યું હતું કે, અહીં લાખાજીરાજ રોડ, ધર્મેન્દ્ર રોડ અને સાંગણવા ચોક સહિતના વિસ્તારોમાં ૧૫૦૦ જેટલા વેપારીઓ આવેલા છે. જોકે અહીં છેલ્લા પાંચ વર્ષથી વધુ સમયથી પાથરાણા વાળાઓના દબાણના કારણે વેપારીઓ વેપાર કરી શકતા નથી. આ બાબતે અગાઉ અનેક વખત મહાનગરપાલિકા અને પોલીસમાં રજૂઆત કરવી હોવા છતાં પણ આ પ્રશ્ન દૂર થતો નથી.

તેમણે જણાવ્યું કે, અહીં કરિયાણાથી લઈને કાપડ, કપડા અને શૂઝ સહિતની દુકાનમાં આવેલી છે. લોકોને ઘર વપરાશની કોઈપણ ચીજ વસ્તુઓ જોઈતી હોય તો તે અહીંથી મળી જાય છે. ૧૦૦ વર્ષ જૂની આ ઐતિહાસિક માર્કેટ છે, જોકે અહીં છેલ્લા ઘણા સમયથી પાથરણાવાળાઓના દબાણના કારણે વેપાર થઈ શકતો નથી. રવિવારે તો એવી પરિસ્થિતિ હોય છે કે વેપારીને પોતાની દુકાનમાં અંદર જવું હોય તો પણ જઈ શકતા નથી. જેથી આ સમસ્યાનો તાત્કાલિક ઉકેલ આવે એવી અમારી માંગણી છે.

# રાજકોટ જિલ્લા ગ્રામ્યમાં આવનારા મુસાફરોની ઓનલાઈન પોર્ટલ 'પથિક' પર એન્ટ્રી કરવા સૂચના

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ત્રાસવાદીઓ અને અસામાજીક તત્વોની દેશ વિરોધી પ્રવૃત્તિઓ પર નિયંત્રણ મુકવા માટે રાજકોટ અધિક જિલ્લા કલેક્ટર શ્રી એન.કે.મુછારએ હુકમો જાહેર કર્યા છે. જે મુજબ રાજકોટ ગ્રામ્ય વિસ્તારની હોટલ, ધર્મશાળા, સમાજવાડી, મુસાફરખાના, ક્લબહાઉસ, રીસોર્ટ, ધર્મસ્થળો, ધાબા તથા અન્ય સ્થળો માલિક / સંચાલક / ભાગીદાર / સંચાલક કોઈપણ વ્યક્તિને ભાડે આપે ત્યારે તેની જાણ ઓનલાઈન પોર્ટલ https://pathik.guru/ પર કરવાની રહેશે. મુસાફરોની તમામ માહિતી પથિક (પ્રોગ્રામ ફોર એનાલીસીસ ઓફ ટ્રાવેલર એન્ડ હોટેલ ઈન્ફોર્મેટીક્સ) વેબપોર્ટલ પર કરવાની રહેશે. આ આદેશનો અમલ તા. ૩૧ ડિસેમ્બર, ૨૦૨૫ સુધી કરવાનો રહેશે. જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર ઠરશે.

# મોરબીના ભડીયાદ ગામની સીમમાં ઝાડમાં દોરીથી લટકી પરપ્રાંતિય યુવકનો આપઘાત

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી તાલુકાના ભડીયાદ ગામની સીમમાં ઝાડ સાથે દોરી બાંધી પરપ્રાંતિય યુવકે આપઘાત કર્યો હોવાની ઘટના સામે આવી છે. મૃત્યુના બનાવ અંગે મોરબી તાલુકા પોલીસે અ.મોતની નોંધ કરી છે.

મોરબી તાલુકાના ભડીયાદ ગામની સીમમાં જુના રફાળેશ્વર રોડ પર મિલેનીયમ કારખાનાની બાજુમાં આવેલી ખરાબાની જગ્યામાં પરપ્રાંતિય યુવકના આપઘાતનો બનાવ સામે આવ્યો છે. ગઈકાલ તા.૨૨/૧૨/૨૦૨૫ના રોજ બપોરના સમયે સંદીપકુમાર જટાસંકર યાદવ ઉવ.૨૫ રહે. ધ્વનપુર તા.ઔરાઇ જી.સંતરવિદાસનગર (યુ.પી.)એ ઝાડ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાધો હોવાનું જાણવા મળ્યું છે. યુવક ઝાડમાં લટકતી હાલતમાં મળતાં ઘટનાની જાણ મોરબી તાલુકા પોલીસને કરાઈ હતી. પોલીસે મૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની ઘટિત કાર્યવાહી હાથ ધરી છે.

# ધો.૮ની વિદ્યાર્થિનીને પાડોશી ૪૩ વર્ષીય ઢગાએ ફ્રેન્ડશિપનું પૂછીને પજવણી કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમાં ધોરણ ૮માં અભ્યાસ કરતી સગીરાને પાડોશી ૪૩ વર્ષીય ઢગાએ ફ્રેન્ડશિપનું પૂછી છેલ્લા ૨ મહિનાથી બિભત્સ વાતો કરી માનસિક ત્રાસ આપતો હોય જે અંગે બાળકીએ સ્કૂલમાં શિક્ષિકાને આપવીતી જણાવતા આરોપીની કરતૂત સામે આવી હતી. બનાવ અંગે પોલીસે પોક્સો સહિતની કલમોના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગતો મુજબ, રૈયા રોડ વિસ્તારમાં આવેલ એક ફ્લેટમાં ધોરણ-૮ની વિદ્યાર્થિનીને તેના જ એપાર્ટમેન્ટમાં નીચેના માળે રહેતો વિજય પરમાર ( ઉંમર ૪૩) નામનો શખ્સ છેલ્લા બે માસથી હેરાન કરતો હતો. સગીરા જ્યારે પણ એકલી હોય ત્યારે આરોપી તેની પાસે જઈ 'મિત્રતા' કરવા દબાણ કરતો અને બિભત્સ વાતો કરી માનસિક ત્રાસ આપતો હતો. ડરના માર્યા સગીરાએ આ વાત પરિવારને કરી નહોતી, પરંતુ તેની શાળાના શિક્ષિકા પાસે હૈયાવરાળ ઠાલવી હતી.

શિક્ષિકાએ તાત્કાલિક સગીરાના પરિવારજનોને આ ગંભીર બાબતની જાણ કરી હતી. ત્યારબાદ પરિવારે બાળકીને વિશ્વાસમાં લઈને પૂછતા તેણીએ જણાવ્યું હતું કે, આરોપી વિજય અવારનવાર તેનો પીછો કરતો અને તેને એકલી જોઈને અટકાવતો હતો. તે સગીરાને કહેતો કે, ''તું હવે મોટી થઈ ગઈ છે, તારે લગ્ન પછીની બધી જાણકારી હોવી જોઈએ'' તેમ કહી અશ્લીલ વાતો કરતો હતો. જ્યારે સગીરા તેનો વિરોધ કરતી ત્યારે આરોપી ઉશ્કેરાઈ જઈને તેની સાથે ખરાબ વર્તન કરતો હતો.

પરિવારે હિંમત બતાવી પોલીસનો સંપર્ક કર્યો છે. પિતાની ફરિયાદના આધારે પોલીસે આરોપી વિજય પરમાર વિરુદ્ધ છેડતી અને પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# મોરબી અને લાલપરમાં પરપ્રાંતિયોને મકાન ભાડે આપી પોલીસને જાણ ન કરનાર ત્રણ સામે ગુનો નોંધાયો

**મુખ્ય સમાચાર, મોરબી**

મોરબી એસઓજી પોલીસે મોરબી શહેર તથા લાલપર ગામમાં જાહેરનામાના ભંગ બદલ કાર્યવાહી કરી છે. જેમાં પરપ્રાંતિય મજુરોને મકાન ભાડે આપી તેમની માહિતી પોલીસને ન આપનાર ત્રણ ઇસમો સામે ગુનો નોંધાવી આગળની તપાસ ચલાવી છે.

મોરબી જીલ્લા પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ એસઓજી મોરબી દ્વારા પરપ્રાંતિય મજુરો બાબતે જાહેરનામાનો અમલ કરાવવા કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ અંતર્ગત મોરબી સીટી એ ડિવીઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં કબીર ટેકરી ખાતે બે અલગ અલગ સ્થળે તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં રમેશભાઇ જીવાભાઇ અગેચણીયા ઉવ.૫૫ રહે.કબીર ટેકરી મોરબી વાળાએ પોતાના મકાનમાં પરપ્રાંતિય મજુરોને રાખી તેમની માહિતી સ્થાનિક પોલીસ મથક તથા સંબંધિત કચેરીમાં આપી ન હોવાનું બહાર આવ્યું હતું. જ્યારે બીજી ઘટનામાં કબીર ટેકરી વિસ્તારમાં અલ્તાફભાઇ હાજીભાઇ ખુરેશી ઉવ.૩૫ રહે. કબીર ટેકરી મોરબી વાળા દ્વારા પણ પોતાના મકાનમાં પરપ્રાંતિય મજુરોને રાખી પોલીસને કોઈ માહિતી ન આપ્યાનું સામે આવ્યું હતું.

આ ઉપરાંત મોરબી તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા લાલપર ગામના ઓર્સન જોન કોલોની સ્થિત એ એપાર્ટમેન્ટના ફ્લેટ નં. ૨૦૧માં આરોપી રેનીસભાઇ કિશોરભાઇ ભાલોડિયા ઉવ.૪૨ રહે. મોરબી-૨ વાળાએ ભાડા કરાર કર્યા વિના બહારના લોકોને ફ્લેટ ભાડે આપી તેમની વિગતો પોલીસને ન આપ્યાનું જાણવા મળ્યું હતું. ત્યારે આ ત્રણેય કિસ્સામાં મોરબી અધિક જીલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાના ભંગ બદલ ત્રણેય આરોપીઓ વિરુદ્ધ મોરબી એસઓજી પોલીસે સંબંધિત પોલીસ મથકમાં બીએનએસ કલમ ૨૨૩ હેઠળ ગુનો નોંધાવી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૫ "સ્વદેશી સાયક્લોથોન" અને તા.૨૮ના રોજ "સ્વદેશી રન"નું આયોજન

## અત્યાર સુધીમાં ૧૬૨૫ નાગરિકોએ ''સ્વદેશી સાયક્લોથોન'' અને ૧૪૮૬ નાગરિકોએ ''સ્વદેશી રન''માં રજીસ્ટ્રેશન કરાવ્યુંઃ ઓનલાઈન રજીસ્ટ્રેશન વેબસાઈટ www.rmc.gov.in પર કરવું

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા વર્ષ૨૦૨૫ને ''શહેરી વિકાસ વર્ષ'' તરીકે ઉજવણી કરવામાં આવી રહી છે. સ્થાનિક કારોગરોને પ્રોત્સાહન મળે એ ઉદ્દેશ્યથી સ્થાનિક ઉત્પાદનો, સેવાઓ, કલાકૃતિઓ, આર્ટિફેક્ટ્સ તેમજ અન્ય સ્વદેશી ઉત્પાદકોને પ્રોત્સાહન આપી 'લોકલ ફોર વોકલ'ની વિભાવનાને પ્રાધાન્ય આપી, 'મેક ઇન ઇન્ડિયા' તેમજ વન ડિસ્ટ્રિક્ટ વન પ્રોડક્ટ જેવી પહેલને આગળ વધારી આત્મનિર્ભર ભારત થકી વર્ષ૨૦૪૭માં વિકસિત ભારતની સંકલ્પનાને ચરિતાર્થ કરવા શહેરીજનોમાં હર ઘર સ્વદેશી, ઘર ઘર સ્વદેશીની ભાવનાને પ્રોત્સાહિત કરી, દેશદાઝને પ્રગટ કરવા રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તા.૨૫/૧૨/૨૦૨૫ને ગુરુવારના રોજ સવારે ૬:૩૦ કલાકે શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા પાસે, બહુમાળી ભવન ચોક, રેસકોર્ષ ખાતે ''સ્વદેશી સાયક્લોથોન'' અને તા.૨૮/૧૨/૨૦૨૫ને રવિવાર રોજ સવારે ૬:૩૦ કલાકે શ્રી સરદાર વલ્લભભાઇ પટેલની પ્રતિમા પાસે, બહુમાળી ભવન ચોક, રેસકોર્ષ ખાતે ''સ્વદેશી રન''નું આયોજન કરવામાં આવેલ છે.

અત્યાર સુધીમાં ૧૬૨૫ નાગરિકોએ ''સ્વદેશી સાયક્લોથોન'' અને ૧૪૮૬ નાગરિકોએ ''સ્વદેશી રન''માં રજીસ્ટ્રેશન કરાવ્યું છે. ઓનલાઈન રજીસ્ટ્રેશન કરાવેલ અને ભાગલેનાર દરેક નાગરિક ઈવેન્ટ પૂરી થયા બાદ સર્ટીફીકેટ ઓનલાઈન ડાઉનલોડ કરી શકશે. ''સ્વદેશી સાયક્લોથોન''માં રજીસ્ટ્રેશન કરાવવા માટેની અંતિમ તારીખ૨૪-૧૨-૨૦૨૫ને ૫ વાગ્યા સુધી તેમજ ''સ્વદેશી રન'' માં રજીસ્ટ્રેશન કરાવવા માટેની અંતિમ તારીખ૨૬-૧૨-૨૦૨૫ને સાંજના ૫ વાગ્યા સુધી રહેશે.

તા.૨૫-૧૨-૨૦૨૫ના રોજ આયોજિત ''સ્વદેશી સાયક્લોથોન''નું ફ્લેગ ઓફ વિધાનસભા-૬૯ના માન. ધારાસભ્યશ્રી ડૉ. દર્શિતાબેન શાહના વરદ હસ્તે કરવામાં આવશે તેમજ તા.૨૮-૧૨-૨૦૨૫ના રોજ આયોજિત ''સ્વદેશી રન''નું ફ્લેગ ઓફ રાજકોટ શહેર ભાજપના માન. પ્રમુખડૉ. માધવ દવેના વરદ હસ્તે કરવામાં આવશે. આ બંને કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને રાજકોટ મહાનગરપાલિકા મેયર નયનાબેન પેઢડીયા ઉપસ્થિત રહેશે.

રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીન ઠાકર, મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરા, શાસક પક્ષના નેતા લીલુબેન જાદવ, શાસક પક્ષ દંડક મનિષભાઈ રાડીયા અને સમાજ કલ્યાણ સમિતિ ચેરમેન સુરેન્દ્રસિંહ વાળા દ્વારા નાગરિકોને અનુરોધ કરવામાં આવે છે કે તેઓ પરિવાર સાથે આ ''સ્વદેશી સાયક્લોથોન'' અને ''સ્વદેશી રન''માં સહભાગી બની બહોળી સંખ્યામાં ઉમટી પડવા આહવાન કરવામાં આવે છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# નામચીન શખ્સના સાગરીત અને ગુજસીટોકના આરોપીની રેગ્યુલર જામીન અરજી રદ

## રમેશ રાણા મકવાણાની ગેંગમાં સક્રિય સભ્ય તરીકે ભરત દાના મુછડીયા રહ્યા હતાઃ સ્પે.પી.પી. ભગીરથસિંહ ડોડીયાની દલીલો માન્ય રાખી જામીન અરજી રદ કરી



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સને-૨૦૨૩ ની સાલમાં બી.આર.ભરવાડ પોલીસ સબઈન્સ્પેકટર ગાંધીગ્રામ-૨ (યુની.) પોલીસ સ્ટેશન ધ્વારા રમેશ રાણા મકવાણા આણી ટોળકી વિરૂધ્ધ ગુજસીટોક અંગેની ફરીયાદ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં નોંધાવેલ હતી. જેમાં વિગત જોવામાં આવે તો રમેશ રાણા મકવાણા કે જે મુખ્ય આરોપી છે તેના સાગ્રીતો હીરા પમાભાઈ સાગઠીયા અને ભરત દાનાભાઈ મુછડીયા તેમજ અન્ય વ્યકિતઓ સાથે ટોળકી બનાવી છેલ્લા ૧૦ વર્ષમાં ઘણાબધા સંગઠીત ગુન્હાઓ આચરેલ છે અને જેમાં આરોપી રમેશ રાણા વિરૂધ્ધ કુલ ૧૪ ગુન્હાઓ હીરા પમા સાગઠીયા વિરૂધ્ધ ૩ ગુન્હાઓ તેમજ ભરત દાના મુછડીયા વિરૂધ્ધ ૬ ગુન્હાઓ નોંધાવેલ હતા અને આ ગુન્હાઓ માંથી ઘણાબધા ગુન્હાઓમાં તેઓ એકબીજા સાથે રહી ટોળકી બનાવી રાજકોટ શહેર તથા આજુબાજુના વિસ્તારમાં ઘણાબધા બોગસ દસ્તાવેજો બનાવી અને જમીનો પચાવી પાડવી ધાક ધમકી આપી મારા મારી કરવી તેવા અનેક ગુન્હાઓ દાખલ થયેલ છે અને તે અંગે તેઓ વિરૂધ્ધ રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશનમાં ગુજરાત આંતકવાદ અને સંગઠીત અપરાધ નિયંત્રણ (GCTOC) અધિનિયમ-૨૦૧૫ ની કલમ ૩(૧)(ii), ૩(૨), ૩(૪) મુજબનો ગુન્હો નોંધાયેલ હતો.

ત્યારબાદ આરોપી રમેશ રાણા મકવાણા અને હીરા પમા સાગઠીયાની ધરપકડ થયેલ હતી અને હાલના અરજદાર/આરોપી ભરત દાના મુછડીયા ફરાર થયેલ હતા અને પોલીસ ધ્વારા તેઓની તા.૬/૧૦/૨૫ ના રોજ ધરપકડ કરવામાં આવેલી અને ત્યારબાદ રીમાન્ડ સાથે નામદાર અદાલતમાં રજુ કરતા તેઓને નામદાર અદાલત ધ્વારા તા.૧૫/૧૦/૨૫ સુધીના રીમાન્ડ મંજુર કરવામાં આવેલ હતા ત્યારબાદ તેને જેલ હવાલે કરેલ હતા.

જેલ હવાલે થયા બાદ આરોપી ભરત દાનાભાઈ મુછડીયાએ નામદાર અદાલતમાં રેગ્યુલર જામીન અરજી કરેલી હતી અને તેઓ ધ્વારા અન્ય આરોપીને રેગ્યુલર જામીન પર મુકત કરવામાં આવેલ છે અને મુખ્ય ગેંગ લીડર રમેશ રાણાભાઈ મકવાણાને રેગ્યુલર જામીન પર મુકત કરેલ છે વિગેરે મુજબની દલીલો કરેલ હતી જયારે સરકાર તરફે એવી દલીલ કરવામાં આવેલ કે હાલના આરોપીસને-૨૦૨૩ થી આજદીન સુધી ફરાર રહેલ છે અને પોલીસ પકડથી દુર રહેલ છે તેમજ તેઓ વિરૂધ્ધ સદરહું ગુન્હા અનુસંધાને હાલ ચાર્જશીટ પણ થયેલ નથી અને જો તેઓને જામીન મુકત કરવામાં આવશે તો તેઓ ફરીથી નાશીભાગી જશે અને નામદાર અદાલતમાં હાજર રહેશે નહી તેમજ ફરીથી આવા અન્ય ગુન્હાઓ આચરશે તેમજ પુરાવાઓ સાથે છેડછાડ કરી સાક્ષીઓને તોડવા ફોડવાની કોશીશ કરશે તેમજ ફરીથી પોલીસ પકડથી દુર રહેશે અને ટ્રાયલ ચાલવામાં વિલંબ થશે તેવા સંજોગોમાં તેઓને જામીન પર મુકત કરી શકાય નહી અને ગુજરાત હાઈકોર્ટના જુદા જુદા ચુકાદાઓ રજુ કરેલ હતા.

આમ સ્પે.પી.પી. ધ્વારા કરવામાં આવેલ દલીલો તેમજ રજુ થયેલ ચુકાદાઓને ધ્યાને લઈ સેશન્સ અદાલત ધ્વારા આરોપી ભરત દાનાભાઈ મુછડીયાની રેગ્યુલર જામીન પર મુકત થવાની અરજી રદ કરેલી હતી.

આ કેસમાં સરકારપક્ષ તરફે સ્પે.પી.પી. તરીકે ભગીરથસિંહ ડોડીયા રોકાયેલ હતા.

# છોટુનગરમાં દાદી-પૌત્રને ગાયે ઢીકે ચડાવતા સારવારમાં ખસેડાયા

### આંગણવાડીએથી પોત્રને તેડીને આવતી વેળાએ ઢોર પક્ડ પાર્ટી આવતા દોડેલી ગાયે હડફેટે લીધા



**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરના રૈયા રોડ પર હનુમાન મઢી ચોક પાસે આવેલા છોટુનગરમાં ગાયે ઢીક ચડાવતાં ત્રણ વર્ષના પૌત્ર અને દાદીને ઈજા થતાં બન્નેને સારવાર અર્થે હોસિપટલમાં ખસેડાયા છે. દાદી પૌત્રને આંગણવાડીએથી તેડીને આવતા હતાં ત્યારે મહાનગરપાલિકાની ઢોર પકડ પાર્ટી આવતાં ગાય ભાગવા જતાં દાદી પૌત્ર ઠોકરે ચડી ગયા હતાં.

આ અંગેની જાણવા મળતી વિગત મુજબ, હનુમાન મઢી પાસે છોટુનગર શેરી નં.૧માં રહેતાં મંજુબેન રાજુભાઈ રાજોલીયા (ઉ.૫૦) અને તેનો પૌત્ર શિવમ વિજયભાઈ રાજોલીયા (ઉ.૩) આજે બપોરે એક વાગ્યાના અરસામાં ઘર પાસે હતાં ત્યારે ગાયે ઢીંક ચડાવતાં દાદી-પૌત્રને ઈજા પહોંચતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં.

આ અંગે સિવિલ ચોકીના સ્ટાફે પ્રાથમિક નોંધ કરી ગાંધીગ્રામ પોલીસને જાણ કરી છે. પ્રાથમિક તપાસમાં મંજુબેન શાકભાજી વેચવાનું કામ કરે છે તેમને સંતાનમાં બે પુત્ર અને એક પુત્રી છે. તેમનો પૌત્ર શિવમ ઘર નજીક આવેલી આંગણવાડીમાં ગયો હતો અને બપોરે મંજુબેન આંગણવાડીએથી પૌત્રને તેડીને ઘરે આવતા હતાં ત્યારે છોટુનગરમાં મહાનગરપાલિકાની ઢોર પકડ પાર્ટીની ગાડી આવતાં ત્યાં રહેલા ઢોર ભુરાયા થતાં ભાગવા લાગ્યા હતાં. જેમાં દાદી-પૌત્ર ગાયની ઢીંક ચડી જતાં બન્નેને ઈજા પહોંચી હતી.

# સ્કૂટરની ડેકી તોડી નાણા ઉઠાવી જનાર ગઠિયાની ધરપકડ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

નાનામવા સર્કલ પાસે કરણપાર્ક મેઈન રોડ પર રહેતા અને રણછોડનગરમાં આર્યનગર ૧૪ માં ચાંદીકામની દુકાન ધરાવનાર ચેતનભાઈ શિવાલાલભાઈ ઉધાડ (ઉ.વ.૪૨) દ્વારા પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગત તા.૧૮ ના સવારના આઠેક વાગ્યા આસપાસ તેઓ રેસકોર્સ બાલભવન પાસે વોકિંગ કરવા માટે ગયા હતા. તેમણે પોતાનું એકટિવા નં. જીજે ૩ એફપી ૨૪૮૩ બાલભવનના ગેટ પાસે પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. એકટીવાની ડેકીમાં રૂમ.૪૨ હજાર રોકડ રાખી હતી.

વોકિંગ કર્યા બાદ નવેક વાગ્યે પરત ત્યાં આવતા એકટિવાની ડેકી ખુલ્લી જોવા મળી હતી, જેથી તેમાં ચેક કરતા ડેકીમાં રાખેલ રોકડ રૂમર હજાર તથા આધારકાર્ડ જોવા મળ્યું ન હતું. જેથી આ અંગે તેમણે પ્ર.નગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



ચોરીના આ બનાવને લઈ પ્ર.નગર પોલીસ મથકના પીઆઈ વી.આર.વસાવાની રાહબરી હેઠળ પીએસઆઈ એમ.જે.વરૂ તથા ટીમે તપાસ હાથ ધરી હતી. દરમિયાન કોન્સ્ટેબલ વિરેન્દ્રસિંહ પરમાર અને તૌફિકભાઈ જુણાચને મળેલી બાતમીના આધારે આ ચોરીમાં રામનાયપરા શેરી નંબર-૫ હલીના મંઝિલ સામે રહેતા મહેશ પરબતભાઈ સરવૈયા (ઉ.વ.૪૨) ને ઝડપી લીધો હતો.

ઝડપાયેલા આરોપી પાસેથી રોકડ રૂમ.૩૮૩૦૦ તથા બાઈક સહિત રૂમ.૬૩૩૦૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. આરોપી રેસકોર્સ પાસે આંટાફેરા કરતો હતો. દરમિયાન અહીં એકટિવાની ડેકીમાંથી રોકડ રકમ ચોરી તફડાવી લીધી હતી. પોલીસે જણાવ્યું હતું કે, આરોપી મજૂરી કામ કરતો હોય અને તેને નશો કરવાનું વ્યસન હોય નશાના વ્યસન માટે ચોરી કર્યાનું રટણ કર્યું કર્યું હતું. આ અંગે પોલીસે જરૂરી કાર્યવાહી કરી છે.

# સ્થાનિક પોલીસને ઉંઘતી રાખી ખાખીજાળીયા ગામે જુગારધામ પર એસએમસી ત્રાટકી





### ૭ શખ્સોની ધરપકડ કરી રોકડ અને વાહનો સહિત કુલ રૂ.૨૪.૫૯ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટ સ્ટેટ મોનીટરીંગ સેલ ગાંધીનગરની ટીમે રાજકોટ ગ્રામ્યના ભાયાવદર પોલીસ સ્ટેશન હેઠળના ખાખીજાળીયા ગામની સીમમાં એક મોટા જુગારધામ પર દરોડો પાડ્યો છે. આ કાર્યવાહીમાં સાત શખ્સોને ઝડપી પાડવામાં આવ્યા છે અને લક્ઝરી કાર, બાઈક્સ તથા રોકડ રકમ સહિત કુલ ૨૪,૫૯,૨૩૦ નો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે.

એસએમસીને મળેલી ચોક્કસ બાતમી અનુસાર, રાજેશ ઉર્ફે રાજુ સુવા પોતાના ફાર્મ હાઉસ પર બહારથી માણસો બોલાવી આર્થિક ફાયદા માટે રમ્મીનો જુગાર રમાડતો હતો. આ જુગારધામ છેલ્લા છ મહિનાથી કાર્યરત હતું. રાજુ સુવા ખેલાડીઓને રોકડના બદલામાં પ્લાસ્ટિકના કોઈન (કાઉન્ટર) આપી જુગાર રમાડતો હતો. આ બાતમીના આધારે, ૨૨ ડિસેમ્બર ૨૦૨૫ ના રોજ સાંજે આશરે ૦૪૧૫ કલાકે પોલીસે ફાર્મ હાઉસના મકાનમાં દરોડો પાડ્યો હતો. રેડ દરમિયાન પોલીસે સ્થળ પરથી સાત શખ્સોની ધરપકડ કરી છે. જેમાં મુખ્ય સંચાલક રાજેશ ઉર્ફે રાજુ સુવા, રામદે ઉર્ફે રામ સુવા, દિનેશ મકવાણા, મુકેશ ઉનડકટ , ગીરીરાજસિંહ જાડેજા , અનીલકુમાર દલસાણીયા અને જયેશભાઈ કાનગડનો સમાવેશ થાય છે.

દરોડા દરમિયાન, પોલીસને કુલ ૩,૧૦,૨૩૦ રોકડ રકમ (અંગઝડતી અને નાળના રૂપિયા) મળી આવી હતી. વાહનોમાં ૨૦ લાખની કિંમતની એક ફોર્ડ એન્ડેવર કાર અને પાંચ મોટરસાયકલ મળી કુલ ૨૧,૧૦,૦૦૦ ના વાહનો જપ્ત કરાયા હતા. આ ઉપરાંત, ૩૯,૦૦૦ ની કિંમતના સાત મોબાઈલ ફોન, ૮૪ પ્લાસ્ટિક કોઈન, ગંજીપાનાના બોક્સ અને અન્ય જુગાર સાહિત્ય પણ જપ્ત કરવામાં આવ્યું હતું.

આ મામલે એ.એસ.આઈ. ભરત ચાવડાએ ફરિયાદ નોંધાવી છે. તમામ ઝડપાયેલા વ્યક્તિઓ વિરુદ્ધ જુગાર અટકાયતી અધિનિયમની કલમ ૪, ૫ અને ભારતીય ન્યાય સંહિતા (BNS) ની કલમ ૧૧૨(૨) મુજબ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. આ કેસની વધુ તપાસ પોલીસ ઈન્સ્પેક્ટર મયુર ચૌહાણને સોંપવામાં આવી છે.

# દિકરાના ઉચ્ચ અભ્યાસ અર્થે નાણાની જરૂરીયાત પડતા પ્રૌઢ પાસે શખ્સે દસ્તાવેજ કરાવી લઇ ઠગાઇ કરી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

ઉપલેટાના કારખાનેદારને દિકરાના ઉચ્ચ અભ્યાસ અર્થે નાણાની જરૂરીયાત ઉભી થતા રાજકોટના બે શખ્સોએ મોટામૌવામાં આવેલ પ્લોટનો દસ્તાવેજ કરી લઇ ઠગાઇ કરતા તાલુકા પોલીસમાં ફરીયાદ નોંધાઇ છે.

આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ ઉપલેટામાં સરકારી હોસ્પિટલ પાસે રહેતા યોગેશભાઇ પોપટભાઇ નગેવાડીયા (ઉ.વ.૫૧) નામના કારખાનેદારે તાલુકા પોલીસ મથકમાં રાજકોટમાં બેડીપરા વિસ્તાર સિતારામ રોડ પર રહેતો ચિરાગ પ્રવિણ સુદાણી અને જીતેશ નારણ સુદાણી વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે કે, અગાઉ તેઓને દિકરાના ઉચ્ચ અભ્યાસ અર્થે નાણાની જરૂરીયાત




ઉભી થતા ચિરાગ સુદાણી સાથે મુલાકાત થઇ હતી અને ચિરાગે જીતેશ સાથે મુલાકાત કરાવી હતી. ત્યારે તેઓની મોટામૌવા સર્વે નંબર ૭૦ પૈકીની પ્લોટ નંબર-૬ની જમીન ૨૩૮ વારનો પ્લોટનો દસ્તાવેજ કરી આપી રૂ.૧૩ લાખની રકમ લીધી હતી અને મૌખીક વાતચીત દરમ્યાન આ રકમ પરત આપે એટલે દસ્તાવેજ પરત કરી દેવાનો પરંતુ આ બન્ને શખ્સોએ દસ્તાવેજ પરત નહીં કરી આપી છેતરપીંડી કરી વિશ્વાસઘાત કરતા ફરીયાદ નોંધાઇ છે. બનાવના પગલે પીએસઆઇ પી.જી.આલએ ગુન્હો નોંધી તપાસ હાથ ધરી છે.

# મવડી ગામે યુવાને સ્મશાનમાં ફિનાઈલ પી કર્યો આપઘાતનો પ્રયાસ

### મયાબાપાની સમાધીએ દર્શન કરવા ગયો ત્યારે-તમે અહિ દારૂ પીવા આવો છો કહી કુટુંબી સગા એવા ટીઆરબી જવાને હોન્ડા પડાવી લેતાં મંદિર પાસે ફિનાઇલ પી લીધાનું કથન

**મુખ્ય સમાચાર, રાજકોટ**

મવડી ગામમાં રહેતાં રાજેશભાઇ જયંતિભાઇ સાગઠીયા (ઉ.વ.૨૭) નામના યુવાને સાંજે મવડી ગામના સ્મશાનમાં તેના કુટુંબના મયાબાપાની સમાધી-મંદિર પાસે ફિનાઇલ પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડાતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે તાલુકા પોલીસને જાણ કરી હતી.



રાજેશભાઇ બે ભાઇ અને એક બહેનમાં બીજો છે અને ગેરેજમાં કામ કરે છે. તેણે કહ્યું હતું કે ગઇકાલે બીજ હોવાથી હું અને મારા પત્નિ કાલાવડ રણુજા રામદેવપીરના મંદિરે દર્શન કરવા ગયા હતાં. એ પછી રાજકોટ આવી પત્નિને ઘરે મુકી પોતે મોટા મવા સ્મશાનમાં મયાબાપાની સમાધીએ હોન્ડા લઇને દર્શન કરવા ગયો હતો. આ વખતે અમારા જ કુટુંબનો યુવાન જે ટીઆરબી તરીકે કામ કરે છે તેના સહિત બે જણા આવ્યા હતાં અને આક્ષેપ કર્યો હતો કે તમે અહિ દારૂ પીવા આવો છે. આમ કહી તે મારુ હોન્ડા લઇને જતો રહ્યો હતો અને પોલીસ સ્ટેશને આવવાનું કહ્યું હતું. આથી મને માઠુ લાગી જતાં ત્યાં મંદિર સફાઇ માટે રખાયેલી ફિનાઇલ હું પી ગયો હતો. રાજેશભાઇના આ કથન અંગે પોલીસે વિશેષ તપાસ હાથ ધરી હતી.

# માધાપર ચોકડી પાસે વૃધ્ધાને વાતોમાં ભોળવી બાઈકસ્વાર બેલડી રૂ.૩ લાખની સોનાની બંગડીઓ લઈ નાસી છૂટી

**મુખ્ય સમાચાર, રાજકોટ**

શહેરમા માધાપર ચોકડી પાસે શિવરજની પાર્કમાં રહેતા વૃધ્ધા તેના ઘર નજીક મંદિરે દર્શન કરવા જતા હતા, તે દરમિયાન બાઈકસ્વાર બેલડી વૃધ્ધાને આંતરી વાતો કરાવી રૂ.૩ લાખની કિંમતની સોનાની બગડીઓ લઈ નાસી જતા ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી બંને આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.




આ અંગે પોલીસ સુત્રોના જણાવ્યા મુજબ શિવરજની પાર્કમાં રહેતા હર્ષા મધુસુદનભાઈ શુકલ (ઉ.વ.૬૫) નામના વૃધ્ધા સોમવારે સવારે તેના ઘર પાસે આવેલ રામાપીરના મંદિરે દર્શન કરવા જતા હતા. તે દરમિયાન એકટીવા પર આવેલા બે શખસોએ તેને અટકાવી સરનામુ પુછી વાતો કરાવી એક રૂપીયાનો સિક્કો માંગ્યો હતો જેથી વૃધ્ધાએ તેને પાંચ રૂપીયાનો સિક્કો આપ્યો હતો. દરમિયાન બંને શખસોએ પાંચ રૂપીયા પરત આપી ફરી વાતચીત કરવા લાગ્યા હતા. જેમાંના એક શખસે તમે પહેરેલી સોનાની જુની બંગડીઓ બતાવો કહેતા વૃધ્ધાએ રૂ. ૩ લાખની કિંમતની બંને બંગડીઓ કાઢી બંને શખસોને આપતા બંને નાસી છુટયા હતા.

દરમિયાન વૃધ્ધાએ દેકારો કરતા પરિવારના સભ્યો દોડી આવ્યા હતા અને તેને જાણ કર્યા બાદ પોલીસમાં ફરિયાદ કરતા જમાદાર જાદવ સહિતના સ્ટાફે ગુનો નોંધી બંને આરોપીઓને પકડી લેવા કાર્યવાહી કરી છે.

# સરધારના સ્વામિનારાયણ મંદિરના સંચાલકો વધુ એકવાર વિવાદમાંઃ આંબેડકરની પ્રતિમા ગાયબઃ તંગદીલી

## સ્વામિનારાયણ મંદિર પાછળથી ડો.બાબાસાહેબની પ્રતીમા ગાયબ થયા બાદ સ્વામી સહિતના સામે ગુનો નોંધાયો



**મુખ્ય સમાચાર, રાજકોટ**

સરધારમાં આવેલા સ્વામિનારાયણ મંદિર પાછળની જમીનમાં ડો. બાબા-સાહેબ આંબેડકરની પ્રતીમા આર.સી.સી. ઓટા ઉપર મુકાઇ હોઇ આ પ્રતીમા રાતોરાત ગાયબ થઇ જતાં અને તેની જગ્યાએ આડશ-ડોમ ઉભો કરી દેવાતાં ગામના અનુસુચીત જાતીના લોકો મોટી સંખ્યામાં ભેગા થઇ જતાં વાતાવરણ તંગ થઇ ગયું હતું. જાણ થતાં પોલીસના ધાડા ઉતરી પડયા હતાં. મોડી સાંજે સ્વામી સહિતની સામે પોલીસે ગુનો નોંધતા અને સ્વામીનારાયણ મંદિર તરફથી પ્રતીમા અને આર.સી.સી. ઓટો ફરી સ્થાપીત કરી દેવાની લેખતીમાં ખાત્રી અપાતાં મામલો થાળે પડયો હતો.

આ બનાવમાં આજીડેમ પોલીસે સરધાર ગામમાં રામાણી હોસ્પિટલ પાછળ રહેતાં અને છુટક મજૂરી કરી ગુજરાન ચલાવતાં હમીરભાઇ દાનાભાઇ પરમાર (ઉ.વ.૩૮)ની ફરિયાદ પરથી સરધાર સ્વામિનારાયણ મંદિરના પતીતતપાવન સ્વામી અને તપાસમાં ખુલે તેની સામે એટ્રોસીટી સહિતની કલમો હેઠળ સરધાર ગામ સ્વામિનારાયણ મંદિર પાછળ આવેલી જમીન ખાતે રહેલી ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને તથા આર.સી.સી. ઓટો કે જે અનુસુચીત જાતીના સભ્યનો છે તે જાણવા છતાં કોઇ મશીનરીથી જાણી જોઇને ઈરાદાપુર્વક તોડી પાડી નુકસાન કરી તે જગ્યાએથી ડો. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા કોઇ જગ્યાએ લઇ જઇ નુકસાન કરી દુર્ભાવની લાગણીઓને પ્રોત્સાહીત કરવાનો ગુનો નોંધ્યો છે.

હમીરભાઇએ જણાવ્યું છે કે હું મારા પરિવાર સાથે રહુ છુ અને છુટક મજુરીકામ કરુ છું. અમારા ગામના જીવાભાઇ દેશાભાઇ મકવાણાને સને ૧૯૫૭માં સરકારશ્રી દ્વારા રાજકોટ તાલુકાના સરધારગામના સર્વે નં. ૧૯૪ ની આશરે ૦૪ એકર જમીન ફુલ ઝાડ માટે ૩૦ વર્ષના ભાડા પટે આપેલ હતી અને તે જમીનમાં તા.૨૭-૧૦-૨૦૧૯ માં અમારા સમાજના લોકો દ્વારા આર.સી.સી.નો ઓટો કરી અને તેના પર ડો. બાબા સાહેબ આંબેડકરની - પ્રતીમાનું અનાવરણ કરવામાં આવેલ હતું અને ત્યારથી અમારા સમાજના લોકો આ જગ્યાએ ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતીમા ઉપર ફુલ હાર અને અન્ય સામાજીક પ્રવળતી કરતા આવ્યા છીએ. દરમિયાન સોમવારે તા. ૨૨/૧૨ના બપોરે સવા ત્રણ વાગ્યાની આસપાસ હું રાજકોટ ખાતેથી આવતો હતો તે વખતે અમારા ગામના ભરતભાઇ બાવાભાઈ મકવાણાનો ફોન આવેલ કે હુ તથા વિનોદભાઇ હકાભાઇ મકવાણા તથા અમરશીભાઇ ભલાભાઇ મકવાણા તથા ભરતભાઇ ભલાભાઇ મકવાણા એમ બધા સરધારગામ ખાતે આવેલ ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતીમાને ફુલ હાર કરવા ગયેલ તો તે જગ્યાને ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતીમાં જોવામાં મળી નથી. આ વાત સાંભળતા જ હું તરત સરધાર ગામ ખાતે આવેલ અને મે અમારા ગામના અમારા સમાજના યુવાનોને આ બનાવ બાબતે જાણ કરેલ અને હું તથા અમારા સમાજના આશરે ૨૦ લોકો ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતીમા જે સ્થળે હતી તે જગ્યાએ ગયા હતાં.

એ સ્થળે અમારા સમાજના ચારેય લોકો હાજર હતા અને અમોએ જોયેલ તો પ્રતીમાં જે જગ્યાએ હતી તેની ફરતે કાપડ વડે આડસ (ડોમ) ઉભો કરેલો દેખાયો હતો અને અંદર જઇ જોતા ત્યા ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતીમા જોવામાં આવેલ નહી, જેથી અમોએ સરધારગામા તથા રાજકોટના તથા આજુબાજુના ગામના અમારા સમાજના આગેવાનોને ફોન કરી બનાવની જાણ કરેલ અને અમોએ જોતા જે જગ્યાએ સ્ટેચ્યુ હતુ ત્યા આર.સી.સી. નો ઓટો પણ તોડી નાખેલ અને ત્યા કોઇ અવશેષો જોવામાં આવેલ નહિ અન ત્યાં તાજા જે.સી.બી. મશીનના લીસોટા જોવામાં આવેલ અને સ્ટેચ્યુની જગ્યાથી થોડે દુર જ એક ખાડો કે જેમાં સ્ટેચ્યુની બાજુમાં રહેલ પતરા હતા તે ધુળથી ડાટેલ જોવામાં આવેલ અને તે ખાડામાં ધુળ છે તે જોતા તે ખાડો હાલમાં જ બુરેલ હોવાનુ જણાયું હતું.

અમોને શંકા છે કે તે ખાડામાં ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતીમા તથા આર.સી.સી.નો ઓટો તોડી તેમાં નાખી અને તેના પર ધુળ નાખી દેધેલ છે અને આ અગાઉ ૧૯/૧૨ના રાત્રીના સાડા દસેક વાગ્યાની આસપાસ સરધારગામ ડો. બાબા સાહેબ આંબેડકર ભવન ખાતે અમારા સમાજની મીટીંગ હોઇ તે દરમ્યાન સ્વામીનારાયણ મંદિરના પતીતપાવન સ્વામી તથા અન્ય બે વ્યક્તી ત્યા આવ્યા હતાં. ત્યારે અમારા સમાજના આગેવાનો સાથે મળી અને ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતીમાં જે જગ્યાએ છે તે જગ્યાએથી ન હટાવવા અમારા સમાજના લોકોએ પતીત પાવન સ્વામીને રજુઆત કરેલ અને પતીતપાવન સ્વામીએ અમારા સમાજના લોકોને ખાત્રી આપેલ કે હાલ જે જગ્યાએ ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતીમા છે તેને હટાવીશુ નહી અને ડો. બાબા સાહેબ સાંબેડકરની પ્રતીમાને અમો ફુલ હાર કરીશું અને જ્યારે પણ અમો આ જગ્યાએ હોસ્પીટલ બનાવીશુ ત્યારે ત્યા ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતીમાની બાજુમાં સરદાર વલ્લભભાઈ પટેલની પણ પ્રતીમા માનભેર રાખીશુ તેવી ખાત્રી આપેલ હતી. જેથી અમારા સમાજના લોકોએ રજુઆત કરેલ કે પ્રતીમા ખાતે આવવા જવા રસ્તો નથી જેથી ફુલ હાર કરવા કઇ રીતે જવું જેથી પતીત પાવન સ્વામીએ અમારા સમાજને જણાવેલ કે તમારા સમાજના લોકો માટે મંદિરના દરવાજા ૨૪ કલાક ખુલ્લા છે અને ત્યાથી તમારા સમાજના લોકોને પ્રતીમા ખાતે ફુલહાર કરવા આવવા જવા દેશુ તેવી ખાત્રી આપેલ જે બાબતની અમારી પાસે વિડિયોગ્રાફી પણ છે જે જરૂર પડયે રજુ રાખીશુ. તે વખતે અમોએ ડો. બાબાસાહેબની પ્રતીમા જોતા જે તે સ્થીતીમાં સહી સલામત હતી અને સરધાર સ્વામીનારાયણ મંદિરના પતીત પાવન સ્વામીએ અમોએ ખાત્રી આપેલ હોવા છ્તા શ્રી સ્વામીયારાયણ સંસ્કાર ધામ ટ્રસ્ટના જવાબદાર એવા પતીતપાવન સ્વામી દ્વારા ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતીમાને તથા આર.સી.સી.ના ઓટાને કોઇ મશીનરીથી જાણી જોઇને ઈરાદા પુર્વક તોડી પાડી નુક્શાન કરી તે જગ્યાએથી ડો. બાબા સાહેબ આંબેડકરની પ્રતીમા કોઇ જગ્યાએ લઇ જઈ, નાખી દઇ, નુકશાન કરેલ હોય તેવી શંકા હોય જેથી પતીત પાવન સ્વામી તથા તપાસમાં ખુલે તે તમામ સામે ફરિયાદ કરી હતી. તેમ વધુમાં હમીરભાઇએ જણાવતાં પીઆઇ એ. બી. જાડેજા, પીએસઆઇ પી. કે. ગામેતીએ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. આ બનાવને પગલે સાંજે સરધાર ખાતે તંગદીલી જેવી સ્થિતિ ઉભી થઇ હતી. જો કે બાદમાં સ્વામિનારાયણ મંદિર દ્વારા પણ મામલો થાળે પડે તે માટે લેખિતમાં બૌદ્ધ વિહાર અને બાબાસાહેબની પ્રતીમા સ્વખર્ચે સ્થાપિત કરવાની લેખિત ખાતરી આપવામાં આવતા રાત્રિના મામલો થાળે પડયો હતો.